સુવિચાર

બોલવાનું નહી માત્ર નમવાનું. નમવાથી પતી જતું હોય તો બોલવાની જરૂર પણ શું છે. હસ્તધનૂન કરવાને બદલે નમસ્કારની પ્રથા સારી છે.

:: સૌજન્ય ::

નિલકંઠ જવેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૧/૦૫/૨૦૨૪, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

અમરેલી એકસપ્રેસ

amreli express

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ADMISSION OPEN
બાલમંદિર થી ધો. ૧૨
ગુજરાતી/અંગ્રેજી માધ્યમ
સાયન્સ - કોમર્સ - આર્ટસ
બોયઝ - ગર્લ્સ હોસ્ટેલ
નિત્યમ વિદ્યા સંકુલ
લાઠી રોડ, સહજ સીટી, અમરેલી.
મો.૯૯૨૫૪ ૫૧૧૫૧

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મઘ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિઘ્ઘ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ વૈશાખ સુદ-૧૩ વર્ષ : ૧૫ અંક : ૧૩૫

ફ્રી....ફ્રી.... (વિનામૂલ્ય) ઓપરેશન...
નીચે પ્રમાણેના રોગો માટે ફ્રી (વિનામૂલ્ય) ઓપરેશન સુવિધા....
અકસ્માત ઈજા - ફેકચર - ટ્રોમા સિઝેરિયન - પ્રસુતિ ઓપરેશન
સારણગાંઠ - એપેન્ડીક્ષ - વધરાવળ હરસ - મસા - ફીશર
પથરી - પ્રોસ્ટેટ કીડનીના રોગો કીડનીના દર્દી માટે મફત ડાયાલીસીસ
લેપ્રોસ્કોપીક સર્જરી (દૂરબીનથી ઓપરેશન)
૨૪x૭
નવજીવન
જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૨૩, ૯૯૭૮૨ ૨૩૦૦૦ ઇમરજન્સી હેલ્પ લાઇન : ૯૯૭૮૨ ૬૩૦૦૦

આજથી ૨૦૬ વર્ષ પહેલા નાગનાથ મહાદેવ સ્વયંભુ પ્રગટ થયેલ

જય નાગનાથ : નાગનાથ મહાદેવ મંદિરનાં પાટોત્સવની આસ્થાભેર ઉજવણી

નાગનાથ મંદિરને નવોઢાની જેમ શણગાર કરવામાં આવ્યો : ભકતોની ભીડ ઉમટી

મહાઆરતી, શોભાયાત્રા અને મહાપ્રસાદ સહિતનાં કાર્યક્રમો યોજાયા

લાખો શિવભકતોનાં આસ્થાનાં કેન્દ્ર સમા નાગનાથ મહાદેવ ભકતો માટે હાજરાહજુર

અમરેલીનાં નાગનાથ મહાદેવ મંદિરનાં પરચા સૌરાષ્ટ્ર-ગુજરાતમાં ફેલાઈ ચુકયા છે

અમરેલી, તા. ૨૦

અમરેલી સહિત સૌરાષ્ટ્ર-ગુજરાતનાં લાખો શિવભકતોનાં આસ્થાનાં કેન્દ્ર સમા નાગનાથ મહાદેવ મંદિરનાં ૨૦૬માં પાટોત્સવની આજે આસ્થા અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.

નાગનાથ મહાદેવ મંદિરને નવોઢાની જેમ શણગાર કરવામાં આવ્યો હતો અને સવારથી જ શિવભકતોની ભીડ ઉમટી હતી અને "જય નાગનાથ"નો નાદ ગુંજી ઉઠયો હતો. આજે સવારે અને સાંજે યોજાયેલ મહાઆરતીમાં મોટી સંખ્યામાં શિવભકતો જોડાયા હતા.

સાંજના સમયે નાગનાથદાદાની વરણાંગી શહેરનાં રાજમાર્ગો પર ફરી હતી. શહેરીજનોએ નાગનાથ દાદાનું ઠેર-ઠેર દર્શન કરીને સ્વાગત કર્યુ હતું અને શહેરની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી તેમજ નાગનાથ ટ્રસ્ટ અને ડી.કે. રૈયાણી પરિવાર ધ્વારા સાંજના મહાપ્રસાદનું આયોજન કરવામાં આવેલ હતું.

બુટલેગરોની જોહુકમી જોવા મળી

જાફરાબાદનાં વડલી ગામે દેશી દારૂનું વેચાણ કરનાર વિરૂઘ્ધ અરજી આપનાર ઉપર હુમલો

પોલીસે ૩ ઈસમો વિરૂઘ્ધ ફરિયાદ નોંધી

અમરેલી, તા. ૨૦

જાફરાબાદ તાલુકાના વડલી ગામે રહેતા મહેશભાઈ વિરાભાઈ બારૈયા દેશી દારૂ વેચાણ કરતા હોય જેથી તે બંધ કરાવવા માટે તે જ ગામે રહેતા કેશુભાઈ કુંભાભાઈ સાંખટે તેના વિરૂઘ્ધમાં પોલીસ અરજી કરેલ હોય. જે બાબતનું મનદુઃખ રાખી તા. ૧૯ના ૮ વાગ્યે આરોપી મહેશભાઈ વિરાભાઈ બારૈયાએ ફરિયાદી કેશુભાઈને માથાના ભાગે લોખંડના પાઈપનો એક ઘા મારી ઈજા કરી આરોપી રવેસિંગભાઈ મેઘાભાઈ બારૈયા તથા પતુભાઈ કાળુભાઈ ભીલે લોખંડના પાઈપ વડે તથા લાકડાના બડીયા વડે આડેધડ માર મારી મુંઢ ઈજા કરી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઈ છે.

નદીને ઉંડી કર્યા વગર ઉતાવળે કામ શરૂ થયું

ડાંડાઈ : બાબરામાં કાળુભાર નદીમાં પાકા રેમ્પ બનાવવાની કામગીરીથી શહેરીજનોમાં નારાજગી

વેપારીઓએ મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું

બાબરા, તા. ૨૦

બાબરા ભાજપ શાસિત નગરપાલિકા લાખોના બેહિસાબી ખર્ચા અને અણઘડ વહીવટથી અનેક વખત ચર્ચાનું કેન્દ્ર બની છે. ભુતકાળમાં પોસ્ટ ઓફીસ નજીક ૫૦ લાખ ઉપરાંતના ખર્ચે જરૂર કરતા વધારે ઊંચાઈવાળો બ્રીજ બનાવતા અવાર નવાર અકસ્માતો સહિત શહેરમાં સામાન્ય વરસાદમાં પાણી ઘુસવા સુધીના બનાવો બની રહ્યા છે. આવા સમયે હાલની ભાજપ શાશિત નગરપાલિકા વર્તુળ દ્વારા શહેરની

તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

મધ્યમાંથી પસાર થતી કાળુભાર નદીમાં વાહન ચડાવવા ઉતારવા માટે અમુક સ્થળોમાં પાકા રેમ્પ બનાવવા કામગીરી હાથ ધરવામાં આવી છે જેના કારણે આ વિસ્તારમાં રહેતા લોકો દ્વારા વિરોધ દર્શાવવામાં આવી રહ્યો છે અને નદીકાંઠા વિસ્તારમાં આવેલ રહીશો અને દુકાન

અનુસંધાન પાના ૬ ઉપર

શ્રી યમુના ગુણગાન વચનામૃત અને શ્રી વલ્લભચરિત્રામૃત યોજાશે

અમરેલી ખાતે શ્રી દ્વારકાધીશ પ્રભુનાં નંદાલયનાં અષ્ટમ્ પાટોત્સવની અનેક ધાર્મિક કાર્યક્રમો દ્વારા થશે ઉજવણી

આગામી ૨૫ મેથી ૩૦ મે સુધી અનેકવિધ કાર્યક્રમો યોજાશે

અમરેલી, તા. ૨૦

અમરેલી ખાતે શ્રી દ્વારકાધીશ પ્રભુનાં નંદાલયનાં અસ્ટમ પાટોત્સવની આગામી ૨૫ મેથી ૩૦ મે સુધી શ્રી યમુના ગુણગાન વચનામૃત, શ્રી વલ્લભચરિત્રામૃત અને સમૂહ માળા પહેરામણી, મહાપ્રસાદ સહિતનાં કાર્યક્રમો ધ્વારા ઉજવણી કરવામાં આવશે.

૨૫ થી ૨૭ મે સુધી પૂ.પા.ગો. ૧૦૮ શ્રી દ્વારકેશલાલજી મહારાજનાં મુખેથી શ્રી યમુના ગુણગાન વચનામૃતસત્ર અને ૨૮ થી ૩૦ મે સુધી પૂ.પા.ગો. શ્રી અનુગ્રહકુમારજી મહોદયશ્રીનાં મુખેતી શ્રી વલ્લભચરિત્રામૃતનું રસપાન બપોરે ૩ થી સાંજના ૭ સુધી અને સમૂહ માળા પહેરામણી ૨૬ મેનાં રોજ યોજાશે.

અનુસંધાન પાના ૬ ઉપર

જગ્યા ભાડે આપવાની છે
બેંક, હોસ્પિટલ, ટ્યુશન કલાસિસ માટે પહેલા માળે ૬ રૂમ વાળી વિશાળ જગ્યા ભાડેથી આપવાની છે.
અશોકભાઈ હિંમતલાલ જોષી
પટેલ વાડી ગેઈટ સામે, અમરેલી રોડ, ધારી.
સંપર્ક નંબર : ૯૪૨૬૨ ૭૯૬૮૭

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી.
(૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૦૦૨

જોઈએ છે
પેટ્રોલપંપ પર કામ કરી શકે તેવા ભાઈઓ/બહેનો આકર્ષક પગારથી જોઈએ છે
શ્રી ક્રિષ્ના પેટ્રોલ પંપ
HP પેટ્રોલ પંપ, માણેકપરા, અમરેલી.

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
65,950/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૨૦/૦૫/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

ઈન્ડિયા ગઠબંધનનાં રાહુલ ગાંધી, અખિલેશ, તેજસ્વી અને ઉધ્ધવ ઠાકરેને પ્રચંડ સમર્થન

ઉત્તરપ્રદેશ, બિહાર, મહારાષ્ટ્રનાં મતદારો નવાજુની કરવાનાં મિજાજમાં

દેશનાં મહત્વનાં ૩ રાજયો અને જયાંની ૧૬૮ બેઠકોનું પરિણામ અણધાર્યુ આવે તો નવાઈ જેવું નહી રહે

રવિવારે યુ.પી.નાં ફૂલપુર અને પ્રયાગરાજમાં લાખોની જનમેદની એકત્ર થઈ ગઈ

મહારાષ્ટ્રમાં સૌથી વધુ જનમેદની ઉધ્ધવ ઠાકરેની સભામાં એકત્ર થઈ રહી છે

પશ્ચિમ બંગાળ, પંજાબ, હરિયાણા, ઝારખંડ અને દિલ્હીમાં પણ ઈન્ડિયા ગઠબંધનનો દબદબો

અમરેલી, તા. ૨૦

ભારત દેશનાં મહત્વનાં ૩ રાજયો ઉત્તરપ્રદેશ, બિહાર અને મહારાષ્ટ્રમાં ઈન્ડિયા ગઠબંધનનાં નેતા રાહુલ ગાંધી, અખિલેશ યાદવ, તેજસ્વી યાદવ અને ઉધ્ધવ ઠાકરેને ચૂંટણી પ્રચાર દરમિયાન જબરદસ્ત સમર્થન મળી રહ્યું છે. તો પશ્ચિમ બંગળ, પંજાબ, હરિયાણા અને દિલ્હીમાં ઈન્ડિયા ગઠબંધનને સારૂ એવું સમર્થન મળતું હોય લોકસભા ચૂંટણીનું પરિણામ અણધાર્યુ આવે તો નવાઈ નહી રહે.

ગઈકાલે દેશનાં સૌથી મોટા ઉત્તરપ્રદેશ રાજયનાં ફૂલપુર અને પ્રયાગરાજમાં ઈન્ડિયા ગઠબંધનની વિશાળ સભા યોજાઈ હતી. જેમાં લાખોની જનમેદની એકત્ર થતાં ઈન્ડિયા ગઠબંધનનાં નેતાઓનાં આત્મ વિશ્વાસમાં વધારો થયો છે.

રાહુલ ગાંધીનાં નેતૃત્વમાં ઈન્ડિયા ગઠબંધને ચૂંટણી ઢંઢેરામાં જાહેર કરેલ મહાલક્ષ્મી યોજના જેમાં ગરીબ પરિવારની એક મહિલાને દર મહિને ૮૫૦૦ રૂપિયા, ગ્રેજયુએટ યુવાનોને એપ્રેન્ટીસ યોજના હેઠળ દર મહિને ૮૫૦૦, મનરેગાનાં શ્રમિકોને દૈનિક વેતન રૂપિયા ૪૦૦, ૪ વર્ષની અગ્નિવીર યોજના પર પ્રતિબંધ, ખેડૂતોનાં દેવા માફી અને સ્વામીનાથન સમિતિનાં આધારે પોષણક્ષમ ભાવો આપવાની ખાત્રીને લીધે મતદારોમાં આશાનો સંચાર ઉભો થયો હોય તેવું રાજકીય નિરીક્ષકો માની રહ્યા છે.

મહારાષ્ટ્રમાં બાલ ઠાકરેનાં પુત્ર ઉધ્ધવ ઠાકરે અને એનસીપીનાં સુપ્રિમો શરદ પવારનાં પક્ષનાં બે ભાગ કરી દેવાતાં મહારાષ્ટ્રની જનતામાં બંને નેતાઓ પ્રત્યે સહાનુભૂતિ ઉભી થઈ હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે. તો હરિયાણા, પંજાબ અને દિલ્હીનાં ખેડૂતો પણ મોદી સરકારથી નારાજ બન્યા છે અને દિલ્હીનાં મુખ્યમંત્રી કેજરીવાલને જેલમાં પુરી દેવાતા ત્યાં પણ સહાનુભૂતિ ઉભી થઈ હોય તેવું લાગે છે અને એકમાત્ર આદિવાસી ઝારખંડનાં મુખ્યમંત્રી હેમંત સોરેનને જેલમાં પુરી દેવાતાં આદિવાસી સમાજ પણ ગુસ્સે થયો હોય તેવું સૌ માને છે. તો પશ્ચિમ બંગાળમાં પણ મમતાએ સારી એવી જમાવટ કરી છે.

આમ ઉપરોકત રાજયોની ૨૫૦ કરતાં વધુ બેઠકો ઉપર ઈન્ડિયા ગઠબંધન એનડીએ સામે જબ્બરી લડત આપતું હોય ૪ જૂનનાં રોજ આશ્ચર્ય ચકિત પરિણામ આવે તો નવાઈ જેવું નહી રહે.

પહેલા મારા ઘરે રીપેર કરો તેવું કહીને

અમરેલીનાં કુંકાવાવ માર્ગ વીજ ફોલ્ટ રીપેર કરાવવા બાબતે બઘડાટી

પોલીસે બન્ને પક્ષોની ફરિયાદ નોંધી

અમરેલી, તા. ૨૦

અમરેલીમાં રહેતા અરવિંદ નારૂભાઈ ચારોલીયા સહિતના આરોપીઓએ અમરેલીના જેસીંગપરા, કુંકાવાવ રોડ પેટ્રોલપંપની સામે રહેતા દિનેશભાઈ વિઠ્ઠલભાઈ ડાભીના ઘરે જી.ઈ.બી. વાળા લાઈટ રીપેર કરવા આવેલ હોય. તેમને આરોપીઓએ કહેલ પહેલા મારા ઘરે રીપેર કરી જાવ. તેમ કહીને દિનેશભાઈને ગાળો આપી બીજા આરોપીઓએ આવી છૂટી ઈંટોના ઘા કરી દિનેશભાઈને ઈજા કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

આ બનાવમાં સામા પક્ષે અરવિંદભાઈ ઉર્ફે ગુડિયો નારૂભાઈ ચારોલીયાએ પણ આરોપી દિનેશભાઈ ડાભીના મોટાભાઈ ઓટો રીક્ષા ચલાવે છે તે સહિત ચાર સામે જમણા પગે ગોઠણના ભાગે ઈજા કરી તેમજ ફરિયાદીના બાને આ ચારેય આરોપીમાંથી કોઈ એકે પેટમાં પાટુ મારી ઈજા કર્યાની સામી ફરિયાદ નોંધાવી છે.

શાખપુર : મેલડીમાનાં મહંત વાસુદેવબાપુની ચાદર વિધિ યોજાઈ

દામનગર, તા. ૨૦

દામનગર શાખપુર ગામના ગીગુ બાદશાહનાં મેલડીમાંના મહંત વાસુદેવ બાપુની ચાદર વિધિ ગુઢ રમજુબાપુની હાજરીમાં સંપન્ન થયેલ છે. લાઠી તાલુકાના શાખપુર ગામમાં આવેલ ગીગુ બાદશાહનાં મેલડી માના મહંત વાસુદેવ બાપુની 'ચોરાસી ધુણો.' 'મહા મંડલેશ્વરની ચાદર વિધિ તેમના ગુઢશ્રી અંબિકા આશ્રમ નવા સાંગાણાનાં મહંત શ્રી રમજુબાપુ, ગોહિલવાડ મંડળ ભાવનગર – નાની ખોડિયાર મંદિરના શ્રી શ્રી ૧૦૦૮ મહંત મહા મંડલેશ્વરી ગરીબદાસજી બાપુ અને સૌરાષ્ટ્ર પ્રદેશના વિવિધ આશ્રમો અને મંદિરોના મહંતોની હાજરીમાં ગત શનિવારના દિવસે સંપન્ન થયેલ છે. આ અવસરે ધર્માનુરાગી – ઘેલા સોમનાથ મંદિર ટ્રસ્ટના ટ્રસ્ટી – સહકારી આગેવાન ભોળાભાઈ રબારીએ આમંત્રણને માન આપીને ચાદર વિધિ કાર્યમાં સહભાગી થયા હતા. આ ધાર્મિક અવસરમાં ઉતર – મધ્ય – દક્ષિણના સૌરાષ્ટ્ર વિસ્તામાંથી ૩૦૦ થી વધુ સંતો – મહંતો એ શ્રી વાસુદેવબાપુની ચાદર વિધિ કાર્યક્રમમાં હાજરી આપી મંગલ કામના કરી હતી, આ કાર્યક્રમમાં ગ્રામજનો – સેવક સમુદાય અને સહકારી ક્ષેત્રના અગ્રણીઓ હાજરી આપી હતી.

ગોંડલના વાસાવડ ખાતેથી બાઈક ઉઠાવેલ

અમરેલી તાલુકા પોલીસે ચોરી થયેલ બાઈક સાથે આરોપીને શોધી કાઢયો

આરોપી સલીમભાઈ રાઠોડ વિરૂધ્ધ કાર્યવાહી



અમરેલી, તા. ૨૦

અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક હિમકર સિંહે જીલ્લાઓમાં તથા જિલ્લા બહાર બનતા વાહન ચોરીના ગુન્હાઓમા ત્વરીત પણે પગલા લઈ ગુન્હાઓમાં ચોરાયેલ વાહન તથા આરોપીને તાત્કાલીક પકડી પાડવા સુચના આપેલ હોય જે અન્વયે અમરેલી ડીવીઝનના નાયબ પોલીસ અધિક્ષક ચિરાગ દેસાઈ દ્વારા અમરેલી ડિવીજનમાં વાહન ચેકીંગ કરવા તથા આવા ચોરીમાં ગયેલ વાહન શોધી કાઢવા માર્ગદર્શન આપેલ હોય જે અન્વયે અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પો.ઈન્સ આર.જી. ચેહાણની ટીમ અમરેલી તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા, તે દરમિયાન અમરેલી નજીક ભારતનગર વિસ્તારમાં વાહન ચેકીંગ દરમિયાન સલીમભાઈ ઉર્ફે સલો જમાલભાઈ રાઠોડ રહે અમરેલી વાળા ઈસમને કાળા કલરનુ મોટર સાયકલ ચલાવીને નીકળતા જેને રોકી ચેક કરતા ચાલક ઈસમ પાસે આર.ટી.ઓ લગત કાગળો ના હોય અને સંતોષ કારક જવાબ આપતો ના હોય પુછપરછ કરતા આજથી આશરે દશેક દીવસ પહેલા વાસાવડ ગામે ભીક્ષાવ્રુતી કરવા માટે ગયેલ હતો ત્યારે બપોરનાં એક થી ત્રણ વાગ્યા ના સમય દરમ્યાન વાસાવડ ગામે માર્કેટથી અંદરની ગલ્લીમાં થઈ આગળ જતા એક ઘર બહાર પડેલ હોય ત્યાંથી આ સદરહુ બાઈક ચોરી કરેલ હોવાનુ જણાવતો હોય, જેથી મજકુર ઈસમ સલીમભાઈ ઉર્ફે સલો જમાલભાઈ રાઠોડને બાઈક સાથે પકડી સી.આર. પી.સી. કલમ.૧૦૨ મુજબ શક પડતી મિલ્કત તરીકે કબ્જે કરી મજકુર ઈસમને સી.આર.પી.સી. કલમ–૪૧(૧)(ડી) મુજબ અટક કરેલ છે.

સ્થાનિક પોલીસે બાતમીનાં આધારે તપાસ કરતાં

ધારીનાં આંબાગાળાનાં ઈસમનાં કબ્જામાંથી વિદેશી દારૂની ૪૧ બોટલ ઝડપાઈ

આરોપી સુરેશભાઈ ડુંગરીયા વિરૂધ્ધ કાર્યવાહી

અમરેલી, તા. ૨૦

ધારી પોલીસને ખાનગી રાહે હકીત મળેલ કે ધારી તાલુકાના આંબાગાળા ગામે રહેતા સુરેશભાઈ છનભાઈ ડુંગરીયાએ તેમના રહેણાંક મકાનની સામો આવેલ ખુલ્લી જગ્યામાં ભારતીય બનાવટના ઈંગ્લીશ દારૂનું વેચાણ કરે છે તેવી હકીકત મળેલ હોય જેથી બાતીવાળી જગ્યાએ સુરેશભાઈ છનાભાઈ ડુંગરીયાવાળાનાં રહેણાંક મકાન પાસે બાતમી વાળી જગ્યાએ આવતા અને સ્થળને કોર્ડન કરી આરોપીને પકડી પાડી તેના કબ્જામાંથી થેલામાં રહેલા ભારતીય બનાવટના ઈંગ્લીશ દારૂની નાની નાની પ્લાસ્ટીકની બોટલો ૧૮૦ મી.લી. બોટલ નંગ–૪૧ કિંમત રૂા. ૪૦૦૦ નો મુદામાલ કબજે લીધેલ છે.

શ્રી સદ્ગુરૂ સેવા ટ્રસ્ટ દ્વારા સેવા કાર્ય

સાવરકુંડલા ખાતે માતા–પિતા વિહોણા બાળકો માટે 'મમતા ઘર' શરૂ થશે

યોગેશ્વર સોસાયટીમાં આગામી મહિને પ્રારંભ

સાવરકુંડલા, તા.૨૦

સાવરકુંડલા ખાતે શ્રી સદગુરૂ સેવા ટ્રસ્ટ દ્વારા માતા કે પિતા વિહોણા બાળકો માટે મમતા ઘર શરૂ કરવામાં આવી રહ્યું છે સાવરકુંડલા માં શરૂ થઈ રહેલ મમતા ઘરના સ્વપ્ન દ્રષ્ટા મંજુલાબેન દુધરેજીયાના જણાવ્યા પ્રમાણે સમાજમાં ઘણા બાળકો માતા કે પિતા કે માતા પિતા બંને ગુમાવી ચૂકયા હોય છે ત્યારે તેના શિક્ષણ અને જીવન ઘડતરનો પ્રશ્ન બહુ ગંભીર ઉભો થયો હોય છે ત્યારે આવા માતા – પિતા વિહોણા બાળકોનું જીવન ઘડતર સર્વાંગી રીતે થાય તેમને સારૂ શિક્ષણ મળે, સારી રીતે ઉછેર થાય અને આવું માતા પિતાની છત્ર છાયા વગરનુ બાળક સમાજમા અન્ય બાળકોની માફક જ સ્વમાનભેર જીવી શકે તે માટે શ્રી સદગુરૂ સેવા ટ્રસ્ટ દ્વારા સાવરકુંડલા ખાતે યોગેશ્વર સોસાયટી, 'ધ્યાન કુટિર' માં જૂન ૨૦૨૪ થી મમતા ઘરની શરૂઆત કરવામાં આવી રહી છે આ મમતા ઘરમાં એક થી સોળ વર્ષના બાળકોને તદન ફ્રી માં પ્રવેશ આપવામાં આવશે જેને રહેવા, જમવા, શિક્ષણ સહિતની તમામ સુવિધાઓ ફ્રી માં પૂરી પાડી અને આવું માતા–પિતા વિહોણું નું બાળક સર્વાંગી વિકાસ પામે તે માટે જરૂરી તમામ સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે તો આવા માતા–પિતા વિહોણા સોળ વર્ષ સુધીના બાળકો કોઈની જાણમાં હોય તો મમતા ઘર' નો સંપર્ક કરી આવા જરૂરીયાત મંદ બાળકો ને 'મમતા ઘર' માં દાખલ કરવા માટે મંજુલાબેન દુધરેજીયા, મો. ૯૮૨૫૬ ૦૩૨૪૭, વાસુદેવભાઈ સોઢા મો. ૯૯૨૫૯ ૮૬૮૪૬, દુધ્યાંતભાઈ પંડયા, મો. ૯૮૨૫૬ ૭૦૨૭૮, સુધીરભાઈ મહેતા–મો.૯૪૨૮૬ ૨૦૫૬૨ નો સંપર્ક કરવા અને આંગળી ચિંધ્યાનું પુણ્ય મેળવવા સદગુરૂ સેવા ટ્રસ્ટ દ્વારા જણાવાયું છે.

પૂર્વ નગરસેવિકા ભાવનાબેન રાઠોડની રજુઆત

અમરેલીમાં રેલ્વેટ્રેક ઊંચો બનાવતાં બ્રાહ્મણ સોસાયટીનાં રહેવાસીઓ પરેશાન

વરસાદી પાણીનો ભરાવો થવાની દહેશત

અમરેલી તા. ૨૦

લાઠી રોડ રેલ્વે ફાટકથી બ્રાહ્મણ સોસાયટી તરફ જતા માર્ગ પર આવેલ રામનગર શેરી નં. ૧ થી ૯, મધુવનપાર્ક, સ્વામીનારાયણનાગર–૧ તથા ૨, ગોપાલનગર ૧ તથા ૨, શિવનગર, રામાણીનગર જેવા અનેક રહેણાંક વિસ્તાર આવેલા હોય, અને જે તમામ વિસ્તારની અંદાજીત પાંચ હજાર જેટલી વસ્તી આવેલ છે. તેમજ આ તમામ મોટા વિસ્તારમાં જવા માટેનો આ એકજ માર્ગ છે, જે માર્ગ પર રેલ્વેટ્રેક ઊંચો લેવાથી ખુબ બહોળા પ્રમાણમાં વરસાદી પાણી ભરાઈ તેમ છે, તો વરસાદી પાણીનાં નિકાલ કરવા જરૂરી વ્યવસ્થા કરવા પૂર્વ નગરસેવિકા ભાવનાબેન રાઠોડે કલેકટરને પત્ર પાઠવીને માંગ કરી છે.

પિપાવાવ મરીન પોલીસ સ્ટેશનમાં ગુન્હો નોંધાયા બાદ

રાજુલા પોલીસે ત્રણેક મહિનાથી ધરપકડથી બચવા નાસતા–ફરતા અરોપીને ઝડપી લીધો

ચોટીલા નજીકથી આરોપી મહેશભાઈ મારવાડીની અટકાયત

અમરેલી, તા. ૨૦

અમરેલી જીલ્લા પોલીસ અધિક્ષક હિમકરસિંહ તેમજ આઈ/સી મદદનીશ પોલીસ અધિક્ષક એ.જી.ગોહિલે અમરેલી જીલ્લામા દાખલ થયેલ ગુન્હાના કામના આરોપી પકડવાના અને બાકી આરોપીને પકડી કાર્યવાહી કરવા સુચના અને માર્ગદર્શન આપેલ.જે અન્વયે, પીપાવાવ મરીન પોલીસ સ્ટેશનના આઈ.પી.સી. કલમ ૩૭૯, ૪૦૭, ૪૧૧, ૨૮૫, ૨૮૬, ૧૨૦(બી), ૧૧૪ મુજબનો ગુન્હો દાખલ થયેલ છે. અને સદરહુ ગુન્હાની તપાસ ચલાવી જે ગુન્હાના વોન્ટેડ આરોપી મહેશભાઈ મારવાડી છેલ્લા ત્રણ ચાર મહિનાથી પોતાની ધરપકડ ટાળતો હોય અને મુળ રાજસ્થાન રાજયનો રહેવાસી હોય અને આજદિન સુધી પકડવાનો બાકી હોય જે અન્વયે રાજુલા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ.આઈ.જે.ગીડાની સુચના હેઠળ રાજુલા પોલીસ સ્ટેશનમા બે ટીમો બનાવી આરોપીને પકડી પાડવા ટેકનીકલ સ્ત્રોત ના આધારે તથા ખાનગી બાતમી આધારે તપાસ કરતા કરાવતા આ કામનો આરોપી મહેશભાઈ મારવાડી હાલ સુરેન્દ્રનગર જીલ્લાના ચોટીલા–સાયલા પાસે હોવાની ખાનગી હકીકત મળતા આરોપીને ચોટીલા સાયલા હાઈવે રોડ પર આવેલ હોટલ પરથી પકડી પાડી રાજુલા પોલીસ સ્ટેશન લાવી ઉપરોકત ગુન્હાના કામે ધોરણસર કાર્યવાહી કરી હતી.

આગામી ૯ મી જૂનનાં રોજ

અમરેલીમાં વાંજા દરજી જ્ઞાતિ સમાજ દ્વારા જીવનસાથી પસંદગી મેળો યોજાશે

લગ્ન ઈચ્છુકોને નોંધણી કરાવવા જણાવાયું

અમરેલી તા. ૨૦

અમરેલી વાંજા દરજી જ્ઞાતિ સમાજ દ્વારા જીવનસાથી પસંદગી મેળાનું ભવ્ય અને સુંદર આયોજન તા. ૯/૦૬/૨૦૨૪ ને રવિવાર ના રોજ કરવામાં આવેલ છે.

જેમાં સૌરાષ્ટ્ર તેમજ ગુજરાતમાંથી યુવક–યુવતીઓ આ પસંદગી મેળામાં ભાગ લેશે. આ પસંદગી મેળામાં ભાગ લેવા ઈચ્છતા ઉમેદવારોને પોતાનું રજીસ્ટ્રેશન કરાવી લેવા જણાવાયું છે આ પસંદગી મેળાને સફળ બનાવવા અમરેલી વાંજા જ્ઞાતિ સમાજના પ્રમુખ મધુભાઈ ભરખડા, કાર્યકારી પ્રમુખ મગનભાઈ વાંજા, મુકેશભાઈ વાકોતર, રમેશભાઈ માંડલીયા, જયેશભાઈ ભડેસરા તેમજ તેઓની ટીમ જહેમત ઉઠાવી રહેલ છે. અમરેલી વાંજા જ્ઞાતિ સમાજ દ્વારા પસંદગી મેળાના આયોજન કાર્યને અમરેલીના રમેશભાઈ ખોરાશીયાએ બીરદાવેલ છે.

તાલુકા કોંગ્રેસનાં પ્રમુખ મનિષ ભંડેરીનાં ભાજપ સરકાર ઉપર શાબ્દિક પ્રહારો

અમરેલી જિલ્લામાં સ્માર્ટ મીટર મુકાશે તો પીજીવીસીએલને તાળાબંધી

રાજયની જનતાને છેલ્લા ૩૦ વર્ષથી ભાજપ સરકાર કોઈને કોઈ રીતે પરેશાન કરી રહી હોવાનો આક્ષેપ

કયારેક હેલ્મેટ તો કયારેક લોકડાઉન, તો કયારેક પીયુસી અને હવે સ્માર્ટ મીટર કયાંકથી ગોતી લાવ્યા

રાજયમાં ૩ કરોડ વ્યકિતઓ મફતમાં મળતું અનાજ ખાવા મજબૂર છતાં મોંઘીદાટ વીજળી આપવાનું ષડયંત્ર

ગરીબ પરિવારોનાં ખિસ્સા ખાલી કરીને અમીરોની ઘરની તિજોરી ભરવાનું બંધ થવું જરૂરી

અમરેલી, તા. ૨૦

ગુજરાતની જનતા છેલ્લા ૩૦ વર્ષથી ભાજપને ખોબલે–ખોબલે મત આપી રહી છે અને બદલામાં ભાજપ સરકાર જનતાનું કલ્યાણ કરવાને બદલે કોઈને કોઈ બહાને પરેશાન કરવાનું કામ કરી રહી છે.

રાજયનાં ૩ કરોડ વ્યકિતઓ મફતમાં અનાજ લેવા મજબૂર બન્યા હોય, કયારેક આકસ્મિક લોકડાઉન, ફરજિયાત હેલ્મેટ, પી.યુ.સી. સહિત અવનવા નિયમો બાદ હવે કયાંકથી સ્માર્ટ મીટર ગોતી લાવ્યા છે અને તેની કામગીરી ખાનગી કંપનીને સોંપીને ગરીબ પરિવારોનાં ખિસ્સા ખંખેરીને અમીરોની ઘરની તિજોરી ભરવાનું નવું નાટક શરૂ થયું છે.

દરમિયાનમાં અમરેલી તાલુકા કોંગી પ્રમુખ મનિષ ભંડેરીએ એક નિવેદનમાં જણાવેલ છે કે, ગુજરાતમાં છેલ્લા ૩૦ વર્ષથી ભાજપના શાસકો ગુજરાતની જનતાને યેનકેન પ્રકારે લૂંટવાનું કામ કરી રહ્યા છે. હાલમાં ગુજરાતની ભાજપ સરકાર ધ્વારા સ્માર્ટ મીટરની આડમાં ગુજરાતની જનતાના ખીસ્સા ખંખેરવાનું કામ શરૂ કરવામાં આવ્યું છે. જેની શરૂઆત ગુજરાતની મહાનગરપાલિકાઓથી થઈ ગઈ છે અને ત્યારબાદ ગુજરાતના તમામ ગામડાઓમાં સ્માર્ટ મીટરો નાખવામાં આવશે. આ સ્માર્ટ મીટરમાં રિચાર્જ કરવાની સિસ્ટમ નાખવામાં આવી છે જેથી લોકોને વીજળીનો વપરાશ કરતા પહેલા તેનો ચાર્જ રિચાર્જ સ્વરૂપે પીજીવીસીએલને ચૂકવવાનો થશે. જો રિચાર્જ પુરૂં થઈ જશે તો પાવર ઓટોમેટીક બંધ થઈ જશે, આ સ્માર્ટ મીટરોમાં લોકોને બિલ પણ ડબલ ગણું આવવાનું છે. જેના દાખલા રૂપે જે મહાનગરપાલિકાઓમાં સ્માર્ટ મીટરો ફીટ કર્યા છે તેવા લોકોનું કહેવું છે કે માત્રને માત્ર ૧૫ દિવસમાં જ ૨૦૦૦ રૂપિયાનું બિલ આવી જાય છે. જો સ્માર્ટ મીટરો આ રીતે ચાલતા હોય તો મહિને ૪૦૦૦ રૂપિયા જેટલું બિલ આવે અને જો આટલું બધું બિલ આવે તો ગામડાના ગરીબ માણસો અને ખેડૂતોને કઈ રીતે પોસાય ? કોંગ્રેસનાં રાજમાં ચકરડી (રીલે) વાળા મીટર હતા જેમાં લોકોને દર મહિને ૧૫૦ થી ૨૦૦ રૂપિયા જ બીલ આવતું હતું જે ભાજપની સરકાર આવતા જ ચકરડીવાળા મીટર કાઢીને ડિજિટલ મીટર નાખવામાં આવ્યા જેમાં લોકોને બિલ દર મહિને ૨૦૦૦ રૂપિયાથી વધુ આવવા લાગ્યું. હજુ પણ ભાજપની સરકારને લોકોના ખિસ્સા ખંખેરવાનું બાકી રહી ગયું હતું જેથી કરીને સ્માર્ટ મીટર લાવીને લોકોના ખિસ્સા ખંખેરવાનું કામ ગુજરાતની ભાજપ સરકાર કરી છે. જો અમરેલી જિલ્લામાં પીજીવીસીએલ કચેરી ધ્વારા સ્માર્ટ મીટર નાખવાનું કામ શરૂ કરવામાં આવશે તો પીજીવીસીએલ કચેરીને તાળાબંધી કરવાની ચીમકી આપી છે.

એસપીની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચની કામગીરી

અમરેલી કોર્ટમાં સજા પામેલ નાસતા ફરતા આરોપીની અટકાયત કરાઈ

આરોપી વજીરભાઈ કુરેશી વિરૂઘ્ધ કાર્યવાહી શરૂ

અમરેલી, તા.૨૦

અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક હિમકરસિંહે જિલ્લામાં બનતા ગુન્હાનાં કામે નાસતા ફરતા આરોપી તથા કેદી શોધી કાઢવા તથા અસરકારક કામગીરી કરવા જરૂરી સુચના આપેલ હોય. જે અનુસંધાને સાવર કુંડલા ડિવીજનનાં મદદનીશ પોલીસ અધિ. એ.જી. ગોહિલે જરૂરી માર્ગદર્શન આપેલ હોય.જે અન્વયે ખાંભા પોલીસ સ્ટેશન પો.સબ.ઈન્સ. કે.ડી. હડિયાનાં માર્ગદર્શન હેઠળ ખાંભા પોલીસ ટીમે ત્રીજા એડી.ચીફ જયુડી.મેજી. અમરેલી કોર્ટનાં સી.સી.નંબર–૨૦૧૯/૨૦૨૩ નેગો.એકટની કલમ ૧૩૮ મુજબનાં કામે કસુરવાર ઠરાવી સજા પામેલ અને નાસતા ફરતા આરોપી વજીરભાઈ ઉર્ફે અમરાભાઈ દોલુભાઈ કુરેશી રહે. નાનુડીને ચોક્કસ બાતમીનાં આધારે પકડી પાડી ધોરણસર કાર્યવાહી કરવામાં આવેલ છે.

પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(3) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

YAMAHA RACING
યામાહાનું અત્યાધુનિક સ્કુટર અને બાઈક
FZS-FI
lord of the streets
NOW WITH CONNECT
Side Stand Engine cut-off Switch | Light Weight 135kg | 3D Emblem | Durable 149cc fuel injection Engine | Two-level Single Piece Seat
» - ટેસ્ટ ડ્રાઈવ લેવા માટે આજે જ પધારો.
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬૮૨૦૦૪ - ૭૦૪૮૭ ૮૨૦૦૪

શ્રી વિવેક વિદ્યા વિકાસ ટ્રસ્ટ અમરેલી સંચાલિત
(સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તથા સરકાર માન્ય, સેલ્ફ ફાઈનાન્સ)
શ્રી એમ.ડી. સીતાપરા કોમર્સ કોલેજ
ઓમનગર નં.-૩, જી.આઈ.ડી.સી.પાસે, લાઠી રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૨૫૬૩૯
પ્રવેશની ઉત્તમ તક...
વર્ષ-૨૦૨૪માં ધો.૧૨માં ઉર્તિણ થનાર વિદ્યાર્થી ભાઈ/બહેનોને ખુબ...ખુબ... અભિનંદન...
શું આપ પ્રવેશની મુંજવણમાં છો ? વિદ્યાર્થીઓ અને વાલીઓની ચિંતા કરતી એકમાત્ર સંસ્થામાં ઓનલાઈન રીઝલ્ટની પ્રિન્ટ સાથે મેરીટના ધોરણે પ્રવેશ ચાલુ છે
પ્રવેશ મેળવવા ઇચ્છતા વિદ્યાર્થીએ https://gcas.gujgov.edu.in પર રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે.
F.Y.B.Com. SEMESTER - I | S.Y.B.Com. SEMESTER - III | T.Y.B.Com. SEMESTER - V | M.Com. SEMESTER - I
- ધોરણ–૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટ ઈસ્યુ થયાનાં દિવસ સુધી મેરીટથી અરજી સ્વીકારાશે.
- પ્રવેશ અરજી સાથે જ પ્રથમ સેમેસ્ટરની ફી ડીપોઝીટ તરીકે જમા કરાવવાની રહેશે. મેરીટમાં આવેલની ડીપોઝીટની રકમ સેમેસ્ટર ફી માં ટ્રાન્સફર થશે. બાકીનાને ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે.
સુવિધાઓ
- તદન આધુનિક સુવિધા સજજ ત્રણ માળનું, સાધન સંપન્ન કલાસરૂમો અને આધુનિક કોમ્પ્યુટર લેબ સાથેનું મકાન.
- વિશાળ જ્ઞાની, શિક્ષણ પ્રેમી, અનુભવી, સતત માર્ગદર્શન આપનાર યુનિ. માન્યતા પ્રાપ્ત અધ્યાપકો દ્વારા (Walk To Talk) સઘન શિક્ષણની સુવિધા.
- વિશાળ જ્ઞાન, સામગ્રી સાથેની સેન્ટ્રલ લાયબ્રેરી, દરેક વિદ્યાર્થી દીઠ ફ્રી મેગેઝીન્સ, ન્યુઝપેપર.
- અભ્યાસક્રમને લગતા તમામ પાઠય પુસ્તકોનો સેટ વિદ્યાર્થીને પ્રવેશ લીધા પછી તરત જ આપવામાં આવે છે.
- ગુજરાતી માધ્યમનો વિદ્યાર્થી પણ અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવી શકે છે.
- Accounting & Finance, Business Management, Computer Science જેવા મહત્વનાં વિષયોની વૈકલ્પિક પસંદગી.
- સમાજ કલ્યાણ ખાતા તરફથી S.C., S.T., O.B.C., તથા વિકલાંગ વિદ્યાર્થી ભાઈ/બહેનને સ્કોલરશીપનો લાભ પણ મળવાપાત્ર છે.
શ્રી ડો. એસ.પી. સિતાપરા પ્રિન્સિપાલ મો. ૯૪૨૬૨ ૪૩૨૫૦
વધુ માહિતી માટે રૂબરૂ સંપર્ક સવારનાં ૮:૦૦ થી ૧૨:૦૦ સુધી
શ્રીમતિ વનીતા બી. સીતાપરા મેનેજીંગ ટ્રસ્ટી મો. ૯૯૯૮૫ ૨૬૮૦૮
www.mdscollege.org

અમરેલીની એકમાત્ર સ્પેશ્યલ કોમર્સ સ્કૂલ
એકલવ્ય કોમર્સ 100% કોમર્સ
ધોરણ ૧૧-૧૨ કોમર્સ (ગુજરાતી માધ્યમ)
ધોરણ-12 કોમર્સ (વર્ષ-2024) સામાન્ય પ્રવાહનું અસામાન્ય પરિણામ
કુલ વિદ્યાર્થી :- 66
પાસ થયેલ વિદ્યાર્થીઓ :-57
સંસ્થાનું પરિણામ :- 86.36%
A1 ગ્રેડ 50% ફી માફી
95PRUP:-07 વિદ્યાર્થી
90PRUP:-10 વિદ્યાર્થી
75PRUP:-21 વિદ્યાર્થી
A2 ગ્રેડ :-10
B1 ગ્રેડ :-16
B2 ગ્રેડ :-13
ધો.૧૦ P.R. આધારીત સ્કોલરશીપ

ધો.૧૦ P.R.	ફી માફી
95 થી ઉપર P.R.	25%
90 થી 95 P.R.સુધી	20%
85 થી 90 P.R.સુધી	15%
65 થી 85 P.R.સુધી	10%
50 થી 65 P.R.સુધી	05%

ગર્લ્સ અને બોયઝ બન્ને માટે અલગ અલગ હોસ્ટેલની સુવિધા..
બહારગામથી આવતા વિદ્યાર્થીઓ માટે વાહનની વ્યવસ્થા ઉપલબ્ધ.
સ્પર્ધાત્મક પરીક્ષાનાં માર્ગદર્શન માટે વિકલી લેકચર..
વિદ્યાર્થીઓને યુનિફોર્મ, પાઠયપુસ્તક તેમજ મટીરીયલ સ્કૂલ દ્વારા આપવામાં આવશે.
અમરેલી જીલ્લામાં એકમાત્ર ધોરણ-૧૧ કોમર્સથી CA Foundation ની તૈયારી કરાવતી સંસ્થા..
એડમિશન મેળવવા માટે તુરંત જ સંપર્ક કરો...
નિકુંજ ગઢવાલા મો.૯૧૦૯૯ ૩૪૪૨૬ | ભરત સાવલીયા મો.૯૯૭૯૪ ૪૯૯૪૯ | લાઠી રોડ, કાર વર્લ્ડની પાછળ નારાયણ નગર, અમરેલી

જિલ્લામાં ટોપર્સ આપતી એકમાત્ર કોમર્સ સ્કૂલ એટલે...
એપેક્ષ સ્કૂલ ઓફ કોમર્સ
સાતમા વર્ષે ફરી એપેક્ષ સ્કૂલનો ડંકો...
Once Again માર્ચ 2024
સમગ્ર બોર્ડમાં બીજા સ્થાને...
અને સમગ્ર
અમરેલી જિલ્લામાં પ્રથમ સ્થાને...
સાવલીયા દિક્ષિતા A1 Grade 99.98 P.R.
આંકડા : 100/100
SPCC : 100/100
અર્થશાસ્ત્ર : 99/100
નામુ : 98/100
વા. વ્યવસ્થા : 95/100
માર્ચ 2018 જિલ્લા દ્વિતિય ચાવડા કૃણાલ 99.78 P.R.
માર્ચ 2019 જિલ્લા પ્રથમ જોષી જાહન્વી 99.88 P.R.
માર્ચ 2020 જિલ્લા દ્વિતિય દેવાણી ભાર્ગવ 99.27 P.R.
માર્ચ 2021 જિલ્લા દ્વિતિય ગોહિલ પુજા 99.71 P.R.
માર્ચ 2022 જિલ્લા દ્વિતિય વેકરીયા હિતેશ્રી 99.77 P.R.
માર્ચ 2023 જિલ્લા પ્રથમ કારીયા ક્રિનલ 99.97 P.R.
ધો. ૧૧ કોમર્સ શા માટે એપેક્ષ સ્કૂલમાં જ...
- વિષય નિષ્ણાંત, અનુભવી, અને કવોલીફાઈડ સ્ટાફ...
- ચેપ્ટરવાઈઝ અને વિકલી ટેસ્ટ દ્વારા સર્વગ્રાહી મુલ્યાંકન...
- એક વર્ગમાં માત્ર ૩૦ વિદ્યાર્થીઓની જ સંખ્યા...
- ડાઉટફૂલ પ્રશ્નોનું વ્યકિતગત સોલ્યુશન...
- દરેક વિષયનું 100 ગુણનું Most IMP મટીરીયલ્સ
- CCTV થી સમગ્ર કેમ્પસનું મોનીટરીંગ...
- હોસ્ટેલ સુવિધા...
- વિશાળ પ્લે ગ્રાઉન્ડ...
- સ્કૂલ બસ સુવિધા...
અમારી શાળા જેવું શિક્ષણ અને અનુભવી શિક્ષકોની ટીમ બીજે કયાંય નહિ... : કોમર્સની નં. ૧ ટીમ :

મનિષ સર	વડાલિયા સર	સાગર સર	મિતલ મેડમ	પાર્થ સર	સુધીર સર
M.Com., B.Ed.	M.A., B.Ed.	M.Com., B.Ed.	M.A., B.Ed.	M.Com, B.Ed.	M.A., B.Ed.
(આંકડાશાસ્ત્ર)	(અર્થશાસ્ત્ર)	(નામાના મુળતત્વો)	(અંગ્રેજી)	(BA/SPCC)	(ગુજરાતી)
અનુભવ : 17 વર્ષ	અનુભવ : 14 વર્ષ	અનુભવ : 8 વર્ષ	અનુભવ : 7 વર્ષ	અનુભવ : 10 વર્ષ	અનુભવ : 15 વર્ષ

ગર્લ્સ/બોયઝ હોસ્ટેલ સુવિધા
પ્રવેશકાર્ય શરૂ...
: કાર્યક્ષેત્ર : ધોરણ ૧ થી ૧૨ કોમર્સ/આર્ટસ
...પ્રવેશ સંપર્ક...
82009 23707
અખાડાના ગેઈટ સામે, સુખનિવાસ કોલોની રોડ, અમરેલી.

શિવ ફરસાણ (ધારીવાળા)
સ્પે.નાયલોન ખમણ ખમણ હાજરમાં મળશે. ખજુરની ચટણી સાથે
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે,લીલીયા રોડ,અમરેલી.

Hero
GO BIG GO XOOM
XOOM
LED TAIL LAMP
DIGITAL SPEEDOMETER
Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601
+91 92899 22254
navnit@heromotocorp.biz

HONDA The Power of Dreams
સપના કરશે સાકાર...
Shine 100cc
કિંમત રૂ. 64,900/-* થી શરૂ
સૌથી સસ્તુ બાઈક
કેશ ડિસ્કાઉન્ટ ₹5000/-*
ઓછુ ડાઉનપેમેન્ટ ₹5999/-*
દમદાર માઈલેજ | શાનદાર સ્ટાઈલ
મજેદાર કમ્ફર્ટ | વ્યાજબી ભાવ
ઓથો.ડિલર પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૬૨૦૧/૦૨ મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨

Navnit
MARUTI SUZUKI CELERIO
મારૂતિ સુઝુકીનો શોરૂમ હવે નવા રૂપરંગ તેમજ નવા જ મેનેજમેન્ટ સાથે...
ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો-રૂમ પર પધારો
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 9904649999 સર્વિસ : 9904549999

ઝડપાયેલા શંકાસ્પદો પાસેથી અમદાવાદથી ચેન્નઈ જવાની ટિકિટ મળી

ATS દ્વારા અમદાવાદ એરપોર્ટ પરથી ISISના ૪ આતંકવાદીઓની ધરપકડ

મૂળ શ્રીલંકાન નાગરિકો અમદાવાદ એરપોર્ટ પર આવ્યા હોવાની સેન્ટ્રલ એજન્સીના ઇનપુટ બાદ આ ચારેય શખ્સને ઝડપી લેવામાં આવ્યા હતા

અમદાવાદ, તા.૨૦

ગુજરાત ATS એ અમદાવાદ એરપોર્ટથી ૪ શંકાસ્પદ વ્યક્તિઓને ઝડપાયી પાડ્યા છે. આ તમામ શખ્સો આતંકી સંગઠન ISIS સાથે સંકળાયેલા હોવાની પ્રાથમિક માહિતી મળી હતી. જેના આધારે તેની ATS દ્વારા ઝડપી પાડવામાં આવ્યા છે. જેને લઈને ATS દ્વારા પ્રેસ કોન્ફરન્સ કરીને માહિતી આપવામાં આવી હતી. ૧૮ મેના રોજ ગુજરાત પોલીસના ATS માં ફરજ બજાવતા Dysp હર્ષ ઉપાધ્યાયને એક ખાનગી બાતમીદારથી એવી માહિતી મળી હતી કે, ૪ વ્યક્તિઓ જેના નામ છે, મોહમદ નુસરત, મોહમદ નુફરાલ, મોહમદ ફારીસ અને મોહમદ રજદીન. આ ૪ વ્યક્તિઓ મૂળ શ્રીલંકામાં રહેવાસી છે. આતંકવાદી પ્રતિબંધિત સંસ્થા ઈસ્લામિક સ્ટેટના સક્રિય સભ્યો છે. આ ૪ લોકો સંપૂર્ણપણે ISIS જે વિચારધારા ધરાવી રહ્યા છે. ઝડપાયેલા શંકાસ્પદો પાસેથી અમદાવાદથી ચેન્નઈ જવાની ટિકિટ મળી છે. ભારતમાં કોઈ પણ જગ્યાએ, આતંકવાદી કૃત્ય કરવા માટે આવવાના છે. કદાચ માહિતી મુજબ ૧૮ તારીખે અથવા ૧૯ તારીખે અમદાવાદ આવવાના છે, હવાઈ માર્ગે અથવા રેલ માર્ગે આવશે. આ પ્રકારની માહિતી મળતાની સાથે Dysp હર્ષ ઉપાધ્યાય ATS મા ફરજ બજાવતા વરિષ્ઠ પોલીસ અધિકારીઓ સાથે આ માહિતી શેર કરવામાં આવી અને તેનું એનાલિસિસ કરવામાં આવ્યું અને આ બાતમીના આધારે અલગ અલગ પ્રકારે સ્ટ્રેટર્જી બનાવવામાં આવી હતી.પ્રાથમિક માહિતીમાં એ લોકો કયા રસ્તે, કેટલા વાગ્યે આવવાના છે. તેવી કોઈ ચોક્કસ માહિતી ન હોવાના કારણે ATSના અલગ અલગ અધિકારી નેતૃત્વમાં અલગ અલગ ટીમ બનાવવામાં આવી હતી. દક્ષિણ તરફથી આવતા તમામ રેલવે અને ફ્લાઈટની વિગતો ઉપલબ્ધ કરવામાં આવી હતી અને તે વિગતમાં તમામ ફ્લાઈટસ્ અને રેલવેના પેસેન્જરોની લિસ્ટનું એનાલિસિસ કરવામાં આવ્યું હતું. આ એનાલિસિસ કરતા એક ટીમને સફળતા મળી છે. આ ૪ લોકોના નામની માહિતી મળી હતી. એક જ PNR માં ચેન્નઈથી અમદાવાદ ઈન્ડિગો ફ્લાઈટ નંબર 6 E848 ના પેસેન્જરના લિસ્ટમાં એ લોકોના નામ મળ્યા હતા. માહિતી મુજબ એ લોકો શ્રીલંકાના હોવાથી અન્ય સિસ્ટર એજન્સીઓની મદદ લઈને કોલંબોથી આ પ્રકારનું વેરિફિકેશન કરવામાં આવ્યું હતું. ત્યાંથી પણ જાણવા મળ્યું કે આ ૪ લોકો એ જ PNR માં કોલંબોથી ચેન્નઈ આવવાના હતા. માહિતીની પૃષ્ઠી થતા અમદાવાદના ATSના અધિકારીઓની ટીમ બનાવીને ખાનગીમાં વોચ રાખવામાં આવી હતી. આ ૪ લોકો ૧૯ મી તારીખે સવારે ૩ વાગ્યે શ્રીલંકાથી ચેન્નઈ પહોંચ્યા અને ચેન્નઈથી ઈન્ડિગો ફ્લાઈટ નંબર 6 E848માં રવાના થઈ ૧૯ તારીખે સાંજે લગભગ ૮ વાગ્યે અમદાવાદ એરપોર્ટ પહોંચ્યા હતા. આ દરમિયાન ATSના અધિકારીઓ દ્વારા એરપોર્ટેથી જ આ ૪ લોકોની અટકાયત કરવામાં આવી હતી.

ધરપકડ બાદ તેઓને ATS લાવવામાં આવ્યા ત્યારે તેમની પાસેથી ૨ મોબાઈલ ફોન, તમામ ૪ લોકોના પાસપોર્ટ અને શ્રીલંકા અને ભારતની ચલણી નોટો મળી આવી હતી. આ સાથે જ તેમની સૂટકેસમાં ISISની ફ્લેગ પણ મળી આવી હતી. પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું કે, આ ૪ લોકો ફેબ્રુઆરી ૨૦૨૪માં મૂળ શ્રીલંકન અને હાલ પાકિસ્તાનમાં રહેતા ISIS ના નેતા અબુના સંપર્કમાં આવ્યા હતા. ત્યારથી લઈને અત્યાર સુધી સોશિયલ મીડિયા મારફતે તેમના સંપર્કમાં રહ્યા હતા. આ બાદ ISISની વિચરધારાથી આ સંપૂર્ણપણે ઓળઘોળ થઈ ગયા હતા અને શ્યૂસાઈડ બોમ્બ સુધીની પણ તૈયારી બતાવી હતી. અબુએ ભારતમાં કોઈ પણ કૃત્ય કરવા માટે પ્રોત્સાહન આપ્યું હતું. આ સમગ્ર કામગીરી કરવા માટે અબુએ શ્રીલંકન કરન્સીમાં ૪ લાખ પણ આપ્યા હતા.આ ઉપરાંત, તેમની પાસેથી જે મોબાઈલ ફોન મળી આવ્યા છે તેમાં અનેક પ્રકાર ફોટોઝ અને વીડિયો જોવા મળ્યા છે, જેનાથી કહી શકાય કે તે ISISની વિચારધારા માની રહ્યા હતી અને તેના સક્રિય સભ્ય પણ બની ગયા હતા. જ્યારે વધુ પૂછપરછ કરવામાં આવતા જ અને મોબાઈલની બારીકાઈ ચકાસણી કરવામાં આવતા ગેલેરીમાં અમુક લોકોશન મળ્યા અને સાથે ફોટો પણ મળ્યા હતા. આ અંગે આ શખ્સોને પૂછવામાં આવતા તેમણે જણાવ્યું કે, અમદાવાદ નજીક નાના ચિલોડામાં આ લોકેશન પર હથિયાર ભરેલો પોટલો રાખવામાં આવી છે, જે પાકિસ્તાન સ્થિત લેના લીડરે રાખી છે ત્યારે લેવા માટે પોટલાનો ફોટો પણ આપવામાં આવ્યો હતો. આ વાત સામે આવતા જ ATSની ટીમ દ્વારા આ લોકેશનની તપાસ કરવામાં આવી હતી અને ત્યારે જે રીતે જણાવવામાં આવ્યું હતું તે રીતે પોટલામાં ૩ બટલ પર સ્ટારવાળી પિસ્ટલ મળી આવી હતી અને તેની સાથે ૨૦ કારતુસ પણ મળી આવ્યા છે. આ પિસ્તોલના કાર્તિઝ પર FATA લખેલું છે જેનું આખું નામ Federally Administered Tribal Areas થાય છે, જે પાકિસ્તાનમાં આવેલું છે.

ઇબ્રાહિમ રઇસીના મોત બાદ નિર્ણય લેવાયો

ઇરાનના કાર્યકારી રાષ્ટ્રપતિ બન્યા મોહમ્મદ મોખબર

ઈરાનના રાષ્ટ્રપતિ ઈબ્રાહિમ રઇસીનું હેલિકોપ્ટર અઝરબૈજાનથી પરત ફરતી વખતે દુર્ઘટનાગ્રસ્ત થયુંહતું

તહેરાન, તા.૨૦

ઈરાનના રાષ્ટ્રપતિ ઈબ્રાહિમ રઈસીનું હેલિકોપ્ટર ક્રેશમા મોત થયું હતું. ઈબ્રાહિમ રઈસીના મોત બાદ મોહમ્મદ મોખબર ઈરાનના કાર્યકારી રાષ્ટ્રપતિ બન્યા હતા. નોંધનીય છે કે ઈરાનના રાષ્ટ્રપતિ ઈબ્રાહિમ રઈસીનું હેલિકોપ્ટર અઝરબૈજાનથી પરત ફરતી વખતે દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ અલી ખમેનીએ સોમવારે આ અંગેની જાહેરાત કરી હતી. રઈસી, ઈરાનના વિદેશ પ્રધાન હુસેન અમીર-અબ્દુલ્લાહયાન, પૂર્વ અઝરબૈજાન પ્રાંતના ગવર્નર માલેક રહમતી અને પૂર્વ અઝરબૈજાનમાં ઈરાનના સર્વોચ્ચ નેતાના પ્રતિનિધિ અયાતુલ્લાહ મોહમ્મદ અલી આલે હાશેમ પણ સવાર હતા.

રઈસીના મોત બાદ શોક સંદેશમાં ખમેનીએ જાહેરાત કરી હતી કે ઉપરાષ્ટ્રપતિ વચગાળાની ફરજો સંભાળશે. ઈરાનના સર્વોચ્ચ નેતાએ પણ સંદેશમાં પાંચ દિવસના શોકની જાહેરાત કરી હતી. ખમેનીએ કહ્યું કે "બંધારણના અનુચ્છેદ ૧૩૧ અનુસાર, મોખબર કાર્યકારી શાખાના નેતૃત્વનો હવાલો સંભાળે છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે મોખબરે "મહત્તમ ૫૦ દિવસની અંદર" સાંસદો અને ન્યાયિક વડાઓ સાથે રાષ્ટ્રપતિની ચૂંટણીની તૈયારી કરવી પડશે. ઈરાનના બંધારણ મુજબ, જો રાષ્ટ્રપતિનું મોત થાય છે તો ઈરાનના ઉપરાષ્ટ્રપતિ સુપ્રીમ લીડરની સંમતિથી સત્તા સંભાળે છે અને નવી રાષ્ટ્રપતિની ચૂંટણી ૫૦ દિવસની અંદર કરવામાં આવશે. ઈરાનમાં ૨૦૨૫માં રાષ્ટ્રપતિની ચૂંટણી યોજાવાની હતી.

અહેવાલો અનુસાર ઈરાનના રાષ્ટ્રપતિ રઈસી રવિવારે વહેલી સવારે અઝરબૈજાનના રાષ્ટ્રપતિ ઈલ્હામ અલીયેવ સાથે ડેમનું ઉદ્ઘાટન કરવા માટે અઝરબૈજાન ગયા હતા. બંને દેશો દ્વારા અરાસ નદી પર બાંધવામાં આવેલો આ ત્રીજો બંધ છે. ઈરાનના રાષ્ટ્રપતિ રઈસી અને ઉપરાષ્ટ્રપતિ બંને તેના સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ અલી ખમેનીના નજીકના છે. વર્ષ ૨૦૨૧માં રાષ્ટ્રપતિ બન્યા બાદ ઈબ્રાહિમ રઈસીએ પહેલીવાર મોહમ્મદ મોખબરને દેશના ઉપરાષ્ટ્રપતિ બનાવ્યા. ઈરાનના વાઈસ પ્રેસિડેન્ટ ઘણા વર્ષો સુધી ખમેનીના ફાઉન્ડેશનને ચલાવતા હતા.

મોહમ્મદ મોખબરનો જન્મ ઈરાનના ડેઝફુલ શહેરમાં વર્ષ ૧૯૫૫માં થયો હતો. તેમની પાસે મેનેજમેન્ટમાં પીએચડીની ડિગ્રી છે. આ પહેલા તેઓ ખુઝેસ્તાન પ્રાંતના ડેપ્યુટી ગવર્નર અને ઈરાનસેલ બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્ય રહી ચૂક્યા છે. હાલમાં તેઓ એક્સપેડિએન્સી ડિસ્ક્રિમિનેશન કાઉન્સિલના સભ્ય છે.

ગરમીએ દિલ્હીમાં તમામ રેકોર્ડ તોડી નાખ્યા

હવામાન વિભાગે આગામી ૭ દિવસ માટે હીટવેવ એલર્ટ જાહેર કર્યું

દિલ્હીનું નજફગઢ દેશમાં સૌથી ગરમ હતું, જોકે, દિલ્હીના મોટાભાગના વિસ્તારોમાં મહત્તમ તાપમાન ૪૫ થી ૪૭ ડિગ્રી

નવી દિલ્હી, તા.૨૦

દિલ્હીનામાં મહત્તમ તાપમાન ૪૫ થી ૪૭ ડિગ્રી સેલ્સિયસ વચ્ચે નોંધાયું હતું, જે સામાન્ય કરતાં ૪થી ૬ ડિગ્રી વધારે છે. નજફગઢ દેશનો સૌથી ગરમ વિસ્તાર હતો. અહીંનું તાપમાન ૪૭.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. રાજધાની દિલ્હીમાં પણ ગરમી વધી રહી છે. રવિવારે અહીંનું મહત્તમ તાપમાન ૪૪.૪ ડિગ્રી સેલ્સિયસ પર પહોંચી ગયું હતું, જે આ સિઝનમાં અત્યાર સુધીનું સૌથી વધુ છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી એક સપ્તાહ સુધી ગરમીમાંથી રાહત મળવાની કોઈ આશા નથી, કારણ કે રાજસ્થાન તરફથી આવતા ગરમ પવનો દિલ્હીને વધુ સળગાવી દેશે.દિલ્હીના મુખ્ય હવામાન કેન્દ્ર સફદરજંગ વેધશાળામાં મહત્તમ તાપમાન ૪૪.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે સામાન્ય કરતાં ચાર ડિગ્રી વધારે છે. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૮.૨ ડિગ્રી સેલ્સિયસ હતું જે સામાન્ય કરતાં બે ડિગ્રી વધુ છે. દિલ્હીનું નજફગઢ દેશમાં સૌથી ગરમ હતું, જોકે, દિલ્હીના મોટાભાગના વિસ્તારોમાં મહત્તમ તાપમાન ૪૫ થી ૪૭ ડિગ્રી સેલ્સિયસ વચ્ચે નોંધાયું હતું, જે સામાન્ય કરતાં ચારથી છ ડિગ્રી વધારે છે. નજફગઢ રાષ્ટ્રીય રાજધાનીનો સૌથી ગરમ વિસ્તાર હતો, જ્યાં મહત્તમ તાપમાન ૪૭.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. નજફગઢનું મહત્તમ તાપમાન પણ દેશમાં સૌથી વધુ હતું. મુંગેશપુર અને પિતામપુરામાં તાપમાન ૪૭.૭ ડિગ્રી સેલ્સિયસ પર પહોંચ્યું હતું. આયાનગરમાં મહત્તમ તાપમાન ૪૬.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે પાલમ અને રિજમાં અનુક્રમે ૪૫.૧ ડિગ્રી સેલ્સિયસ અને ૪૫.૯ ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન નોંધાયું હતું. ભારત હવામાન વિભાગ (IMD) એ દિલ્હીના ઘણા વિસ્તારોમાં ગરમીના મોજાની આગાહી કરી છે અને લાલ ચેતવણી જારી કરી છે. વિભાગે અંશતઃ વાદળછાયું આકાશ અને ૨૫ થી ૩૫ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ભારે પવનની પણ આગાહી કરી છે. હવામાન અધિકારીઓએ લોકોને સાવચેત રહેવા ચેતવણી આપી છે અને બાળકો, વૃદ્ધો અને ક્રોનિક રોગોવાળા લોકો સહિત સંવેદનશીલ લોકોને વધારાની કાળજી લેવા જણાવ્યું છે.

હવામાન વિભાગે હાઈડ્રેટેડ રહેવા માટે પૂરતું પાણી પીવા અને ORS અથવા ઘરે બનાવેલી લસ્સી, તોરાની (ચોખાનું પાણી), લીંબુનું શરબત અને છાશનો ઉપયોગ કરવાનું સૂચન કર્યું છે. IMD અનુસાર, જ્યારે હવામાન કેન્દ્રમાં મહત્તમ તાપમાન ઓછામાં ઓછા ૪૦ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચે છે, ત્યારે સામાન્ય કરતાં ઓછામાં ઓછા ૪.૫ ડિગ્રી અથવા વધુના ફેરફાર સાથે હીટવેવ ગણવામાં આવે છે. જ્યારે મહત્તમ તાપમાન સામાન્ય કરતાં ૬.૫ ડિગ્રી વધુ હોય ત્યારે તીવ્ર ગરમીનું મોજું જાહેર કરવામાં આવે છે.IMD અનુસાર, દિલ્હીના મોટાભાગના વિસ્તારો પડોશી રાજસ્થાનના શહેરો કરતા વધુ ગરમ રહ્યા હતા. દિલ્હી બિકાનેર (૪૪.૬ ડિગ્રી સેલ્સિયસ) કરતાં વધુ ગરમ રહ્યું. આ સિવાય દિલ્હી બાડમેર (૪૫.૮ ડિગ્રી સેલ્સિયસ), જોધપુર (૪૫.૬ ડિગ્રી સેલ્સિયસ), કોટા (૪૬.૨ ડિગ્રી સેલ્સિયસ) અને શ્રીગંગાનગર (૪૬.૭ ડિગ્રી સેલ્સિયસ) કરતાં વધુ ગરમ હતું. આ તમામ શહેરોમાં મહત્તમ તાપમાન ૪૪ ૪૭ ડિગ્રી વચ્ચે નોંધાયું હતું.

પરિવારજનો મૃતદેહ મૂકી જાય છે

કેનેડામાં લોકોને અંતિમ વિધિનો ખર્ચ નથી પોસાતો

અંતિમ ક્રિયાનો ખર્ચ વધીને ૮૮૦૦ ડોલર થઈ ગયો અંતિમવિધિનો ખર્ચ બેફામ વધી જતા લોકો પરેશાન

ઓટાવા, તા.૨૦

કેનેડા દુનિયાના સૌથી આધુનિક અને ધનાઢ્ય દેશોમાં એક ગણાય છે. પરંતુ આ દેશોમાં લોકોને એક તકલીફ છે. અહીં કોઈ વ્યક્તિનું મૃત્યુ થયા પછી તેની અંતિમ ક્રિયાનો ખર્ચ એટલો બધો છે કે ઘણા લોકોને આ ખર્ચ કરવો પોસાતો નથી. તેના કારણે હોસ્પિટલમાં મૃતદેહોને કોઈ લેવા જ ન આવે તેવું બને છે. આવા કિસ્સા વધ્યા છે અને હોસ્પિટલોમાં ક્લેમ વગરના મૃતદેહની સંખ્યા વધી છે. આવા કિસ્સામાં પછી સરકાર દ્વારા સાદાઈથી અંતિમવિધિ કરી દેવામાં આવે છે.કેનેડામાં દરેક ચીજ મોંઘી થઈ તેની સાથે અંતિમ ક્રિયાનો ખર્ચ પણ અત્યંત વધી ગયો છે. રૂપિયાના હિસાબે ગણવામાં આવે તો વ્યવસ્થિત અંતિમવિધિ કરવાનો ખર્ચ સાડા સાત લાખ રૂપિયા જેટલો આવે છે. તે પોસાતો ન હોવાથી કેનેડાના કેટલાક પ્રદેશોમાં તો પરિવારજનો શબને કબ્રસ્તાન પર મુકીને ચાલ્યાં જાય છે. તેના કારણે મ્યુનિસિપલ કર્મચારીઓને શબની દફનવિધિ હાથ ધરવી પડે છે. દફનવિધિ માટે જમીન ખરીદવી પોસાય તેમ નથી. ટોરેન્ટો જેવા મોટા શહેરોમાં આવેલા કબ્રસ્તાનોમાં કબર માટેની જગ્યાનો ભાવ આસમાને પહોંચી ગયા છે. અહીં અંતિમ ક્રિયાનો ખર્ચ જે ૧૯૯૮માં ૬૦૦૦ ડોલર આવતો હતો તે હવે ૮૮૦૦ ડોલર સુધી પહોંચ્યો છે. જે રૂપિયાના સંદર્ભમાં જોઈએ તો લગભગ સાડા સાત લાખ રૂપિયા જેટલો થાય છે. આથી મૃતકનાં કુટુમ્બીજનો મૃતદેહને લઈ જવાનો ક્લેમ જ નથી કરતા.કેનેડાના સૌથી વધુ વસ્તી ધરાવતા ઓન્ટોરિયો પ્રોવિન્સમાં આવા 'બિનવારસી' મૃતદેહોની સંખ્યા જે ૨૦૧૩માં ૨૪૨ હતી તે ૨૦૨૩માં વધીને ૧૧૮૩ થઈ હતી. તેમ પ્રાંતના ચીફ કોરોનર ડર્ક હયુરે જણાવ્યું હતું. ટકાવારીમાં આ ખર્ચનો વધારો જોઈએ તો તે ૨૦૨૨માં ૨૦ ટકા જેટલો થયો હતો. જ્યારે ૨૦૨૩માં તે વધીને ૨૪ ટકા રહ્યો. ઓન્ટોરિયોમાં કોઈપણ મૃતદેહ ૨૪ કલાક સુધી પડ્યો રહે અને તેને ક્લેમ કરવા માટે કોઈ ન આવે ત્યાર પછી તે 'લાવારિસ' ગણાય છે. આમ છતાં સરકારી અધિકારીઓ એક સપ્તાહ સુધી મૃતકના સગાને શોધે છે. દરમિયાન સ્થાનિક મ્યુનિસીપાલિટી તે મૃતદેહની સાદી દફનવિધિ કરી નાખે છે. ઘણીવાર તેઓ મૃતદેહને 'મોર્ગ'માં એટલે કે શબઘરમાં રખાવી દે છે. કેટલીક વખત પરિવારજનો જ મૃતદેહને શબઘરમાં રખાવે છે અને પછી જરૂર પૂરતી રકમ ભેગી કરી કુટુમ્બીજનો તેમના પ્રિયજનના મૃતદેહની દફનવિધિ કરે છે.ક્યુબેકમાં ૨૦૧૩માં ૬૬ લાવારિસ મૃતદેહો હતા જે સંખ્યા ૨૦૨૩માં વધીને ૧૮૩ પહોંચી હતી. અમેરિકામાં પણ અંતિમ ક્રિયાનો ખર્ચ ઘણો મોંઘો છે. અમેરિકામાં 'ફ્યુનરલ હોમ'માં રેફ્રીજરેશન ફેઈલ થતાં ૧૧૧૫ મૃતદેહો સડી ગયા હતા.કેટલીક જગ્યાએ હોસ્પિટલોમાં આવી રીતે શબ રાખવા માટેની જગ્યા ન હોવાના કારણે હોસ્પિટલની બહાર એક પર્મેનન્ટ સ્ટોરેજ યુનિટ બાંધવાની વાત ચાલે છે જેથી ક્લેમ કરવામાં આવ્યો ન હોય તેવા ડોડ બોડીની સમસ્યા ઉકેલી શકાય. ન્યુ ડેમોક્રેટિક પાર્ટીના એક નેતાએ કહ્યું કે કેનેડામાં મોંઘવારી એટલી વધી ગઈ છે કે લોકો કોઈ ડેડ બોડીને ક્લેમ કરવા નથી આવતા. કારણ કે તેમને ખબર છે કે તેઓ દફનવિધિનો ખર્ચ ઉઠાવી નહીં શકે. તેઓ કહે છે કે મોટા સ્ટોરેજ યુનિટ બાંધવાથી પ્રશ્ન નહીં ઉકેલાય. લોકોની સન્માનજનક રીતે દફનવિધિ કરવામાં આવે તે જરૂરી છે અને તેમાં જે અવરોધો હોય તે દૂર થવા જોઈએ. કારણ કે હવે મૃતદેહોનો ભરાવો ઘણો વધી ગયો છે.

ઉદાહરણ તરીકે માઉન્ટ પ્લેઝન્ટ ગ્રૂપમાં એડલ્ટ વ્યક્તિ માટેની કબરનો ખર્ચ ૨૮૦૦ ડોલર આવે છે પરંતુ મિડટાઉન ટોરંટોમાં એપ્રિલ મહિનામાં આ ચાર્જ વધીને ૩૪,૦૦૦ ડોલર થઈ ગયો હતો. કેનેડામાં ફ્યુનરલ અને ક્રિમેશન સર્વિસ પૂરા પાડતી કંપનીઓ હોય છે અને તેની વેબસાઈટ પર ખર્ચ અને બીજી વિગતો હોય છે. આ ઉપરાંત કબર ઢાંકવાનો, તેના પર તકતી મૂકાવવાનો વગેરેનો ખર્ચ અલગ આવે છે અને તે ટેક્સપાત્ર હોય છે.કેનેડા ફ્યુનરલ સર્વિસિસ એસોસિયેશનના વડા કહે છે કે અગાઉ ૧૮૦૦ ડોલરથી ૮૦૦૦ કેનેડિયન ડોલરના ખર્ચમાં આખી અંતિમવિધિ થઈ જતી હતી પરંતુ હવે તેનો ખર્ચ ૨૦૦૦ ડોલરથી લઈને ૧૨,૦૦૦ ડોલર સુધી પહોંચી ગયો છે. ઘણા લોકો પોતાની જાતે અંતિમવિધિ કરાવી ન શકે ત્યારે ગો ફંડ મી જેવી ક્રાઉડ ફંડિંગ સાઈટ પરથી નાણાં એકત્ર કરતા હોય છે. ગો ફંડ મી પર આવી અરજીઓની સંખ્યામાં મોટો ઉછાળો આવ્યો છે. ૨૦૧૩માં માત્ર ૩૬ લોકોએ દફનવિધિ માટે લોકો આગળ હાથ લંબાવ્યો હતો જ્યારે હાલમાં ૧૦,૨૫૭ લોકો સોશિયલ મીડિયા પરથી ફંડ માગી રહ્યા છે જેથી પોતાના સ્વજનોની અંતિમ વિધિ થઈ શકે.લોકોની અંતિમવિધિમાં સરકાર પણ સપોર્ટ કરે છે પરંતુ ફ્યુનરલનો ખર્ચ એટલો વધી ગયો છે કે સરકારી સહાય અપૂરતી છે. કેનેડા પેન્શન પ્લાન હેઠળ ૨૫૦૦ ડોલરની સહાય મળે છે અને તેમાં વધુ ૨૫૦૦ ડોલરનું ટોપ અપ આપવામાં આવ્યું છે. છતાં કુલ ખર્ચની સામે આ રકમ નાની છે. રાજકારણીઓ પણ સ્વીકારે છે કે મોટી ઉંમરે લાઈફ પાર્ટનર ગુમાવવા એ બહુ આઘાતજનક હોય છે. આ ઉપરાંત તેમાં બહુ નાણાકીય બોજ પણ વધી જતો હોય છે. કોઈ એવું નથી ઈચ્છતું કે પોતાના સગાના મૃતદેહો મુર્દાઘરમાં પડ્યા રહે. પરંતુ જ્યારે અંતિમવિધિનો ખર્ચ જ એટલો બધો વધારે હોય ત્યારે લોકો શું કરી શકે.

અંગપ્રદક્ષિણા અંગે ઐતિહાસિક નિર્ણય

ધાર્મિક પ્રથા પણ ગોપનીયતાના અધિકારનો એક ભાગ : મદ્રાસ હાઈકોર્ટ

ગોપનીયતાના અધિકારમાં કોઈની પસંદગી સામેલ હોય, તો તે વ્યક્તિના આધ્યાત્મિક વલણને પણ સમાવી શકે છે

મદ્રાસ, તા.૨૦

મદ્રાસ હાઈકોર્ટે ઐતિહાસિક નિર્ણય લીધો છે. અંગપ્રદક્ષિણા પરંપરાની ઉજવણી પર વર્ષોથી લાદવામાં આવેલો પ્રતિબંધ હટાવી લેવામાં આવ્યો છે. આ દરમિયાન, કોર્ટે કહ્યું છે કે, જો ગોપનીયતાના અધિકારમાં કોઈની પસંદગી સામેલ હોય, તો તે વ્યક્તિના આધ્યાત્મિક વલણને પણ સમાવી શકે છે. કોઈપણ વ્યક્તિને ધાર્મિક આચરણ કરવાનો મૂળભૂત અધિકાર છે. કોઈપણ વ્યક્તિને પોતાની પસંદગી અનુસાર ધાર્મિક આચરણ કરવાની છૂટ આપવામાં આવશે જો તે કોઈના અધિકારો અને સ્વતંત્રતાઓને નુકસાન ન પહોંચાડે. કોર્ટે કહ્યું કે, બંધારણની કલમ 19(1)(d) મુજબ, તમામ નાગરિકોને ભારતના સમગ્ર પ્રદેશમાં મુક્તપણે અવરજવર કરવાનો અધિકાર છે. આ અધિકાર માત્ર બંધારણની કલમ ૧૯(૫) હેઠળ સમાવિષ્ટ વાજબી પ્રતિબંધોને આધીન છે. ફરવાનો આ અધિકાર માત્ર ચાલવા અથવા વાહનવ્યવહાર પૂરતો જ મર્યાદિત ન હોઈ શકે પણ તેમાં 'અંગપ્રદક્ષિણા'નો પણ સમાવેશ થાય છે. ૨૦૧૫માં, મદ્રાસ હાઈકોર્ટની સિંગલ બેંચે આ પ્રથાની ઉજવણી પર પ્રતિબંધ મૂક્યો હતો અને કહ્યું હતું કે, કોર્ટ પાસે કોઈપણની ધાર્મિક પ્રથાઓ અને રિવાજોમાં દખલ કરવાની સત્તા છે. કોર્ટ ધર્મના નામે કોઈ એવા રિવાજો અને ધાર્મિક વિધિઓ ઉજવવાની મંજૂરી આપી શકે નહીં જેનાથી કોઈપણ માનવીનું અપમાન થાય. અંગપ્રદક્ષિણામ વિધિમાં, અન્ય સમુદાયના લોકો બ્રાહ્મણો દ્વારા ઉપયોગમાં લેવાયેલા કેળાના પાંદડા પર આળોટે છે. આ પ્રથામાં કોઈપણ સમુદાયના ભક્તો સાદા પાંદડા પર આળોટવાની વિધિનું પાલન કરે છે જેના પર અન્ય લોકોએ ભોજન લીધું હોય. જિલ્લા વહીવટીતંત્રના જણાવ્યા અનુસાર, ભક્તો, ભલે તેઓ કોઈપણ સમુદાયના હોય, અંગપ્રદક્ષિણા વિધિમાં ભાગ લે છે. આ પ્રથા સાંપ્રદાયિક સૌહાર્દ અને સામાજિક એકતા તરફ નિર્દેશ કરે છે. અરજદાર પી. નવીન કુમારે નેરુરમાં સંતના જીવન સમાધિ દિવસે 'અંગપ્રદક્ષિણા' વિધિ કરવા માટે હાઈકોર્ટ પાસે પરવાનગી માંગી હતી. અરજદારે ધાર્મિક સેવા કરવાનો સંકલ્પ લીધો હતો અને સત્તાવાળાઓને પત્ર લખીને પરવાનગી માંગી હતી. ૨૦૧૫માં ધાર્મિક વિધિનું પ્રદર્શન બંધ થઈ ગયું હોવાથી અધિકારીઓ તરફથી કોઈ પ્રતિસાદ મળ્યો ન હતો. આ પછી અરજી દાખલ કરવામાં આવી હતી અને સુનાવણી હાથ ધરવામાં આવી હતી.

હાઈકોર્ટની આ સુનાવણી દરમિયાન અધિકારીઓએ બેંચને કહ્યું હતું કે, ૨૦૧૫થી હાઈકોર્ટના આદેશને કારણે તેઓ આ મામલે કોઈ કાર્યવાહી કરી શક્યા નથી. અગાઉના આદેશમાં, અધિકારીઓને નિર્દેશ આપવામાં આવ્યો હતો કે, જમ્યા પછી બાકી રહેલા કેળાના પાંદડા પર કોઈને આળોટવા ન દેવામાં આવે.

છેલ્લા એક અઠવાડિયાથી ૧૫૦ થી વધુ કેસ નોંધાયા

સોજીત્રામાં પાણીજન્ય રોગચાળાએ માથું ઉચક્યું

નાગરિકોમાં જાગૃતિ લાવવા સહિતની કામગીરી હાથ ધરાઈ

આણંદ, તા.૨૦

સોજિત્રા નગરપાલિકા વિસ્તારમાં છેલ્લા એક સપ્તાહથી પાણીજન્ય રોગચાળાએ માથું ઉંચક્યું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે અને પાણીજન્ય રોગચાળાની ઝપેટમાં આવેલ દર્દીઓની સંખ્યામાં વધારો નોંધાતા મોટાભાગના દર્દીઓ સોજિત્રા પીએચસી સેન્ટર તથા અન્ય કેટલાક ખાનગી દવાખાનાઓમાં સારવાર લઈ રહ્યાં હોવાની માહિતી પ્રાપ્ત થઈ છે.

વધુમાં સોજિત્રા પીએચસીના ડોક્ટરના જણાવ્યા અનુસાર છેલ્લા એક સપ્તાહથી રોજની ૧૦૦થી વધુ ઓપીડી નોંધાઈ રહી છે. જેમાં ઝાડા ઉલટીની તકલીફવાળા દર્દીઓની સંખ્યા વધુ જોવા મળી રહી છે. આવા દર્દીઓને દાખલ કરીને બોટલ ચડાવવી, ઈન્જેક્શન આપવા સહિતની સારવાર તબીબ દ્વારા કરવામાં આવી રહી છે.

છેલ્લા એક સપ્તાહ દરમ્યાન અંદાજીત ૧૫૦થી વધુ દર્દીઓને દાખલ કરી સારવાર આપવામાં આપવામાં આવી હોવાનું તથા સામાન્ય બીમાર દર્દીઓને દવા આપી હોવાનું તબીબ દ્વારા જણાવાયું છે.સોજિત્રાના ચાર કુવા ભાગોળ, ધજા શેરી, વાઘરીવાસ સહિતના વિસ્તારોમાં પાણીજન્ય રોગચાળાએ માથું ઉંચક્યું છે.આ વિસ્તારમાં છેલ્લા કેટલાય સમયથી પાણીની સમસ્યા અંગે ફરીયાદો કરાઈ હોવા છતાં તંત્ર દ્વારા કોઈ જ લક્ષ ન અપાયું હોવાનું જાગૃતો રોષ સાથે જણાવી રહ્યાં છે. વધુમાં આરોગ્ય સેન્ટરના કર્મચારીઓના મતે ખારાકુવા વિસ્તારના દર્દીઓમાં ઝાડા ઉલટીની સમસ્યા જોવા મળી હતી. આ રોગચાળા અંગે સમગ્ર રીપોર્ટ તૈયાર કરી અહેવાલ તાલુકા હેલ્થ ઓફીસરને મોકલવામાં આવ્યો હોવાની માહિતી પ્રાપ્ત થઈ છે. સાથે સાથે તંત્ર દ્વારા ઘરે ઘેર સર્વેની કામગીરી હાથ ધરાઈ હોવાનું જાણવા મળ્યું છે.

આ અંગે સોજિત્રા નગરપાલિકાના વહિવટદાર અને મામલતદાર સાથે વાતચીત કરતા તેઓએ જણાવ્યું હતું કે શહેરમાં ઝાડા ઉલટીની સમસ્યા અંગે આરોગ્ય વિભાગ સાથે સંપર્કમાં રહી વધુ દર્દીઓવાળા સ્થળો ઉપર સર્વેની કામગીરી હાથ ધરાઈ છે. સાથે સાથે રોગચાળો વધુ વકરે નહીં તે માટે નાગરિકોમાં જાગૃતિ લાવવા સહિતની કામગીરી કરવામાં આવી રહી છે

ગુજરાતના જાણીતા કથાકારની જીભ લપસી

વિવાદિત બોલથી ઠાકોર અને કોળી સમાજ ભડક્યો

પ્રેમ લગ્નનું ઉદાહરણ આપતા સમયે ચાલુ કથામાં સીમરધામના રાજુબાપુ મહારાજના બગડ્યા બોલ

ગીર સોમનાથ, તા.૨૦

ગુજરાતમાં નેતાઓ બાદ હવે કથાકારની જીભ લપસી છે. સ્વામીનારાયણ સંતોના વિવાદિત નિવેદનો બાદ હવે એક કથાકારના બોલ બગડ્યા છે.

ગીર સોમનાથના ઉનામાં કથા દરમિયાન કથાકારના વિવાદિત બોલ થતા ઠાકોર સમાજ ભ ભડક્યો છે. સીમરધામમાં રાજુબાપુના વ્યાસાસને કથા ચાલી રહી હતી. ત્યારે પ્રેમ લગ્નનું ઉદાહરણ આપતા સમયે મહારાજના બોલ બગડ્યા હતા. ચોક્કસ સમાજના યુવાન સાથે લગ્ન કરવા પર બોલ્યા કથાકાર બોલ્યા હતા. જેથી કથાકારના નિવેદન સામે સમાજમાં રોષ વ્યાપી ગયો છે. વિરોધ થતા રાજુબાપુએ બાદમાં માફી માંગતો વીડિયો રજૂ કર્યો છે. જોકે, કથાકાર સામે પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. ગીર સોમનાથના ઊના નજીક સીમરધામ ખાતે કથાકાર રાજૂબાપુના વ્યાસ આસને ચાલતી કથામાં કથાકારની જીભ લપસી હતી. સીમરધામ ગીરમાં શિવકથામા રાજુબાપુએ પ્રેમ લગ્નનું ઉદાહરણ આપતા હતા ત્યારે વિવાદિત શબ્દોનો ઉપયોગ કર્યો હતો. જેમાં ઉદાહરણ તરીકે કોળી - ઠાકોર સમાજ વિષે બોલતા રોષ છવાયો છે. કોળી અને ઠાકોર સમાજ વિશે અયોગ્ય ટિપ્પણી કથામાં કરાતા કોળી અને ઠાકોર સમાજમા કથાકાર રાજૂબાપુ સામે રોષ ભડક્યો છે.રાજુબાપુના વિવાદિત નિવેદનનો વીડિયો હાલ સોશિયલ મીડિયામાં ભારે વાયરલ થયો છે. સાથે જ સોશિયલ મીડિયા પર લોકો તેમના માટે રોષ ઠાલવી રહ્યાં છે. આ બાદ કથાકાર રાજુબાપુએ માફી માગતો વીડિયો જાહેર કર્યો હતો. જોકે તેમ છતાં કોળી સમાજ દ્વારા સોશિયલ મીડિયામાં વિરોધ યથાવત છે. કથાકાર વિરૂદ્ધ નવાબંદર પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. રાજુ બાપુનો વીડિયો વાયરલ થતાં કોળી સમાજ દ્વારા નારાજગી પ્રગટ કરવામાં આવી. કોળી સમાજના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પ્રવીણભાઈ કોળી દ્વારા પ્રતિક્રીયા અપાઈ કે, રાજુ બાપુ દ્વારા કોળી અને ક્ષત્રિય ઠાકોર સમાજનું અપમાન કરવામાં આવ્યું છે. રાજુ બાપુની એક પણ જગ્યાએ કથા નહિ થવા દઈએ. કોળી અને ઠાકોર સમાજની માફી માંગવા તેઓએ માંગ કરી છે.

પશ્ચિમ બંગાળમાં ઘણી જગ્યાએ ઘર્ષણની ઘટના

લોકસભા ચૂંટણીના પાંચમા તબક્કામાં ૫૬.૬૮ ટકા સરેરાશ મતદાન થયું

પશ્ચિમ બંગાળમાં સૌથી વધુ મતદાન નોંધાયું છે, જ્યારે મહારાષ્ટ્રમાં સૌથી ઓછું મતદાન નોંધાયું છે : કુલ ૬૯૫ ઉમેદવારોનું ભાવિ ઈવીએમમાં સીલ

નવી દિલ્હી, તા.૨૦

લોકસભા ૨૦૨૪ની ચૂંટણીના પાંચમાં તબક્કા હેઠળ આજે ૮ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોની ૪૯ સંસદીય બેઠકો માટે મતદાન થયું હતું. આ સાથે ઓડિશા વિધાનસભાના બીજા તબક્કા માટે પણ આજે મતદાન થયું હતું. આજનું મતદાન શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થયું છે. સાંજે ૫ વાગ્યા સુધી ૫૬.૬૮ ટકા મતદાન થયું છે. જેમાં બંગાળમાં સૌથી વધુ ૭૩ ટકા મતદાન થયું છે. લોકસભા ચૂંટણીના પાંચમા તબક્કામાં બપોરે ૫ વાગ્યા સુધી ૫૬.૬૮ ટકા સરેરાશ મતદાન થયું છે. આ સાથે ૮ રાજ્યોના કેટલું મતદાન થયું તેના પણ આંકડા ચૂંટણી પંચે જાહેર કર્યા છે. પશ્ચિમ બંગાળમાં સૌથી વધુ મતદાન નોંધાયું છે. જ્યારે મહારાષ્ટ્રમાં સૌથી ઓછું મતદાન નોંધાયું છે. પૂર્વ ક્રિકેટર અને ચૂંટણીના નેશનલ આઈકોન સચિન તેંડુલકર અને તેમના પુત્ર અર્જુન તેંડુલકરે મુંબઈમાં મતદાન કર્યું હતું.

રાહુલ ગાંધી રાયબરેલીમાં મતદાન મથકનું નિરીક્ષણ કરવા પહોંચ્યા હતા. આ દરમિયાન રાહુલ ગાંધીએ મતદારો સાથે વાતચીત પણ કરી હતી. કોંગ્રેસે સોશિય મીડિયા પોસ્ટ કરીને કહ્યું કે, રાયબરેલીમાં સન્માનિત મતદારોની વચ્ચે પહોંચ્યા જનનાયક. આ લડાઈ લોકશાહી અને બંધારણને બચાવવાની છે. અમે સાથે મળીને લડીશું અને જીતીશું.' અગાઉ રાહુલ ગાંધીએ રાયબરેલી પહોંચીને સૌથી પહેલા પીપલેશ્વર હનુમાન મંદિરમાં પ્રાર્થના કરી હતી.

પશ્ચિમ બંગાળમાં પણ ઘણી જગ્યાએ ઘર્ષણની ઘટનાના અહેવાલ આવ્યા હતા. સાત બેઠકો પર ચાલી રહેલા મતદાન દરમિયાન, હુગલીના આરામબાગમાં ટીએમસીના એક નેતા પર ભાજપના કાર્યકરો દ્વારા કથિત રીતે હુમલો કરવામાં આવ્યો હતો, જેના કારણે તે ગંભીર રીતે ઘાયલ થયા હતા. ખાનકુલમાં પણ કાર્યકર્તાઓ વચ્ચે ઘર્ષણ થયું હતું. હાવડા જિલ્લાના ઉલુબેરિયા અને સાલ્કિયામાં ભાજપ અને ટીએમસીના નેતાઓ વચ્ચે ઘર્ષણ થયું હતું. ઉદ્ધવ ઠાકરેએ મત આપ્યા બાદ કહ્યું કે 'આ વખતે લોકો જુમલેબાજીના વિરુદ્ધમાં છે. લોકો દેશને બચાવવા વોટ આપશે. મને આશા છે કે મતદાનની ટકાવારીવધશે. લોકો મોટી સંખ્યામાં બહાર આવી રહ્યા છે.' આજે ૫માં તબક્કાના મતદાન દરમિયાન ઉત્તર પ્રદેશના મહોબામાં ફરજ પરના એક સીઆરપીએફ જવાનનું મોત થયું છે. તો બીજી તરફ પશ્ચિમ બંગાળના બેરકપુરથી ભાજપના ઉમેદવાર અર્જુન સિંહ અને તૃણમૂલના સમર્થકો વચ્ચે ઘર્ષણ થયું છે. કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલ ઉપરાંત બસપા સુપ્રીમો માયાવતી, સતીશ ચંદ્ર મિશ્રાએ લખનઉમાં મતદાન કર્યું છે. રાહુલ ગાંધી સામે ચૂંટણી લડી રહેલા દિનેશ પ્રતાપ સિંહે રાયબરેલીમાં મતદાન કર્યું હતું. નોંધનીય છે કે ૫૪૩ લોકસભા બેઠકોના ચોથા તબક્કા સુધી ૩૮૦ બેઠકો પર મતદાન થઈ ચૂંક્યું છે. આજની બેઠકો સહિત કુલ ૪૨૯ બેઠકો પર મતદાન પૂર્ણ થશે. બાકીના બે તબક્કામાં ૧૧૪ બેઠકો પર મતદાન થશે.

આજે પાંચમા તબક્કામાં મુંબઈમાં મતદાન થઈ રહ્યું છે. ત્યારે ફિલ્મી સ્ટાર્સે પણ મતદાનની ફરજ નિભાવી હતી. અભિનેત્રી જાહનવી કપૂર મુંબઈના મતદાન મથક પર આવી હતી. આ દરમિયાન, તેમણે દરેકને મત આપવાની અપીલ કરી હતી. આ સિવાય અભિનેતા ફરહાન અખ્તર અને તેની બહેન ઝોયા અખ્તર મુંબઈના મતદાન મથક પર પહોંચીને મત આપ્યો હતો. બોલિવૂડ અભિનેતા અક્ષય કુમારે પણ આજે સવારે મતા આપ્યો હતો. આ પછી તેમણે કહ્યું કે 'હું ભારતનો વિકાસ કરવા માંગું છું. મેં આ વિચારસરણી સાથે મત આપ્યો છે. રિઝર્વ બેંક ઈન્ડિયા (RBI)ના ગવર્નર શક્તિકાંત દાસે મુંબઈમાં પોતાનો મત આપ્યો હતો. વોટિંગ કર્યા પછી, શક્તિકાંત દાસે કહ્યું કે 'આ દરેક ભારતીય માટે ગૌરવપૂર્ણ ક્ષણ છે. દેશના ૧૪૦ કરોડ લોકોએ આ દેશની ચૂંટણીમાં ભાગ લેવો એ ગૌરવની વાત છે. હું આ માટે ચૂંટણી પંચ અને તમામ અધિકારીઓને અભિનંદન આપવા માંગું છું. હું શક્ય તેટલી વહેલી તકે મત આપવા માટે સૌથી વધુ વિનંતી કરું છું.' પાંચમા તબક્કા માટે મતદાન શરૂ થયું છે. ઉદ્યોગપતિ અનિલ અંબાણીએ મુંબઈમાં મત આપ્યો છે. આ ઉપરાંત અક્ષય કુમાર-ફરહાન અખ્તર મતદાન મથક પર મતદાન પર પહોંચ્યા છે. ફરહાન અખ્તરે કહ્યું કે 'મારો મત સુશાસન માટે છે. એક સરકાર જે લોકો માટે કામ કરે છે. આગળ આવો અને મત આપો.' તો બીજી તરફ ઉત્તર પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી માયાવતીએ પણ મત આપ્યો છે.

આજે પાંચમાં તબક્કામાં ૮ કરોડથી ૯૫ લાખથી પણ વધુ મતદારો ૯૪૭૩૨ મતદાન મથકો પર મત આપ્યા હતા. મતદાનનો સમય સવારે સાત વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધીનો રાખવામાં આવ્યો હતો. લોકસભાના પાંચમાં તબક્કાની ૪૯ લોકસભા બેઠકો માટે કુલ ૬૯૫ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં હતા. ઓડિશાની ૩૫ બેઠકો માટે ૨૬૫ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે. ઉલ્લેખનીય છે કે ઓડિશા વિધાનસભાની કુલ ૧૪૭ બેઠકો છે. જેમાંથી ૧૩ મેના રોજ પ્રથમ તબક્કા હેઠળ ૨૮ બેઠકો પર મતદાન થયું હતું.

રાજ્ય	૫ વાગ્યા સુધીમાં સરેરાશ મતદાન
બિહાર	૫૨.૩૫%
જમ્મુ અને કાશ્મીર	૫૪.૨૧%
ઝારખંડ	૬૧.૯૦%
લદ્દાખ	૬૭.૧૫%
મહારાષ્ટ્ર	૪૮.૬૬%
ઓડિશા	૬૦.૫૫%
ઉત્તર પ્રદેશ	૫૫.૮૦%
પશ્ચિમ બંગાળ	૭૩.૦૦%

ઢેંકનાલથી વડાપ્રધાન મોદીએ કર્યો મોટો દાવો

ઓડિશામાં ૧૦મી જૂને ડબલ એન્જિન સરકાર બનશે : મોદી

મોદીએ પહેલા પુરીમાં ભગવાન જગન્નાથ મંદિરમાં પૂજા કરી હતી : પુરીમાં સંબિત પાત્રા માટે રોડ શો કર્યો હતો

ઢેંકનાલ, તા.૨૦

લોકસભા ૨૦૨૪ની ચૂંટણી માટે પાંચમા તબક્કાનું મતદાન ચાલી રહ્યું છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી રેલી કરવા ઓડિશાના ઢેંકનાલ પહોંચ્યા હતા. અહીં જનસભાને સંબોધિત કરતા વડાપ્રધાન મોદીએ રાજ્યની બીજુ જનતા દળ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. ઉલ્લેખનીય છે કે લોકસભાની ચૂંટણી માટે સાત તબક્કામાં મતદાન યોજાઈ રહ્યું છે જેમાં ચાર તબક્કાનું મતદાન પહેલા થઈ ચૂક્યું છે.લોકસભા ચૂંટણી ૨૦૨૪ હવે તેના અંત તરફ આગળ વધી રહી છે. વડાપ્રધાન મોદી દેશના વિવિધ રાજ્યોમાં જઈને ભારતીય જનતા પાર્ટી માટે રેલીઓ પણ કરી રહ્યા છે. ત્યારે આજે પીએમ મોદી ઓડિશા પહોંચ્યા હતા. જ્યાં તેમણે સૌથી પહેલા પુરીમાં ભગવાન જગન્નાથ મંદિરમાં પૂજા કરી હતી. આ પછી પુરીમાં સંબિત પાત્રા માટે રોડ શો કર્યો હતો. ત્યારબાદ પીએમ મોદી રેલી કરવા ઓડિશાના ઢેંકનાલ પહોંચ્યા હતા. અહીં જનસભાને સંબોધિત કરતા પીએમ મોદીએ રાજ્યની બીજુ જનતા દળ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. આ દરમિયાન વડાપ્રધાન મોદીએ એવો પણ દાવો કર્યો કે આ વખતે ઓડિશામાં ડબલ એન્જિનની સરકાર બનશે. વડાપ્રધાન મોદીએ પોતાની રેલીની શરૂઆત જય જગન્નાથ અને જય શ્રી રામના નારા લગાવીને કરી હતી. વડાપ્રધાને બીજેડી સરકાર પર પ્રહાર કરતા લોકોને કહ્યું હતું કે 'તમે ૨૫ વર્ષ સુધી બીજેડી સરકાર પર ભરોસો મૂક્યો. પરંતુ આજે લોકો વિચારી રહ્યા છે કે ઓડિશાએ આટલા વર્ષોમાં શું મળ્યું?. આજે પણ અહીં ખેડૂતો પરેશાન છે. યુવાનો નોકરી માટે અન્ય રાજ્યોમાં જઈ રહ્યા છે. આદિવાસી વિસ્તારો જ્યાં જળ, જંગલ, જમીન અને ખનીજ સંપત્તિ છે, ત્યાં સૌથી વધુ દુર્દશા છે. મોટા ભાગનું સ્થળાંતર આ વિસ્તારોમાંથી થાય છે. મેં શપથગ્રહણની તારીખ પહેલા જ જણાવી દીધી છે. હું દરેકને આમંત્રિત કરવા આવ્યો છું કે ભાજપની ડબલ એન્જિન સરકારનો શપથ ગ્રહણ સમારોહ ૧૦ જૂને ઓડિશામાં યોજાશે. બીજેડી સરકારની વિદાય નિશ્ચિત છે.' વડાપ્રધાન મોદીએ પોતાના સંબોધનમાં વધુમાં કહ્યું કે 'આટલા સમૃદ્ધ ઓડિશામાં લોકો આટલી ગરીબીમાં કેમ જીવવા મજબૂર છે. હું સોમનાથની ધરતીથી જગન્નાથની ભૂમિને શ્રદ્ધાંજલિ આપવા આવ્યો છું. પરંતુ જ્યારે હું ઓડિશાની ગરીબી જોઉં છું ત્યારે મને પીડા થાય છે. આટલું સમૃદ્ધ રાજ્ય, આટલી મોટી ધરોહર, મારા ઓડિશાને કોણે બર્બાદ કરી નાખ્યું? કોણે યુવાઓના સપનાં કચડી નાખ્યાં? આ બધી વાતો ખૂબ તકલીફ આપે છે.વડાપ્રધાન મોદીએ ભ્રષ્ટાચારને લઈને બીજેડી સરકારને આડે હાથ લીધી હતી અને કહ્યું કે '૨૦૧૪માં વડાપ્રધાન બન્યા બાદ મેં નવી માઈનિંગ પોલિસી બનાવી. આ અંતર્ગત ઓડિશાને વધુ રોયલ્ટી મળે છે. અમે નિયમ બનાવ્યો કે ખનીજની કમાણીનો એક હિસ્સો અહીં જ રહે અને લોકોના વિકાસ માટે વાપરવામાં આવે. અમે મિનરલ ફંડ હેઠળ ઓડિશાને ૨૬ હજાર કરોડ રૂપિયા આપ્યા છે. આ રૂપિયા બાળકોની શાળા અને ઢેંકનાલમાં ગામડાના રસ્તાઓ માટે ખર્ચવાના હતા. પરંતુ બીજેડી સરકારે તેમાં પણ ભ્રષ્ટાચાર આચર્યો હતો.'

એચડી રેવન્નાને વચગાળાના જામીન આપ્યા

યૌન શોષણ કેસ મામલે JDS નેતા એચ.ડી. રેવન્નાને મોટી રાહત

૨૮ એપ્રિલે એચડી રેવન્ના અને પ્રજ્વલ રેવન્ના વિરુદ્ધ કેસ નોંધાયો

બેંગ્લોર, તા.૨૦

સેક્સ સ્કેન્ડલમાં ફસાયેલા **JDS** નેતા અને **MLA** એચડી રેવન્નાને બેંગ્લોર કોર્ટે જામીન આપી દીધા છે. હાલ તે વચગાળાના જામીન પર જેલની બહાર છે. તેના પર અને તેના પુત્ર પ્રજ્વલ રેવન્ના પર સેંકડો મહિલાઓનું યૌન શોષણ કરવાનો આરોપ છે. આ કૌભાંડ બહાર આવ્યાના બીજા જ દિવસે પ્રજ્વલ વિદેશ ભાગી ગયો હતો. કહેવામાં આવી રહ્યું છે કે તે હાલમાં જર્મનીમાં છે.

૪૨મી એડિશનલ ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ કોર્ટે અગાઉ જેડીએસના ૬૬ વર્ષીય એચડી રેવન્નાને વચગાળાના જામીન આપ્યા હતા. ન્યાયાધીશ પ્રીત જે એ **SIT**ની દલીલ સંભાળવાનો ઈનકાર કરીને જામીનનો આદેશ આપ્યો હતો. એચડી રેવન્નાની ૪ મેના રોજ ધરપકડ કરવામાં આવી હતી. ચાર દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલી આપ્યા બાદ તેને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યા હતા. ૨૮ એપ્રિલે એચડી રેવન્ના અને તેમના પુત્ર પ્રજ્વલ રેવન્ના વિરુદ્ધ કર્ણાટકના હોલેનારસીપુરા ટાઉન પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો હતો. જેના એક દિવસ પહેલા ૨૭મી એપ્રિલે પ્રજ્વલ રેવન્ના જર્મની ભાગી ગયો હતો. આ કેસમાં તેની સામે ધરપકડ વોરંટ પણ જારી કરવામાં આવ્યું છે. સીબીઆઈની અપીલ પર ઈન્ટરપોલે પ્રજ્વલ વિરુદ્ધ બ્લુ કોર્નર નોટિસ પણ જારી કરી છે.અહેવાલો અનુસાર, પ્રજ્વલ રેવન્નાને ભારત પરત લાવવા માટે ઈન્ટરપોલની મદદ મંગાઈ છે.

આ ઉપરાંત સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ)એ પણ બ્લુ કોર્નર નોટિસ જારી કરી છે. બ્લુ કોર્નર નોટિસ એવા લોકો વિરુદ્ધ જારી કરવામાં આવે છે, જેના દ્વારા ગુનાના સંબંધમાં વ્યક્તિની ઓળખ, સ્થાન અથવા પ્રવૃત્તિઓ વિશે માહિતી એકત્રિત કરવામાં આવે છે.બ્લુ કોર્નર નોટિસ જારી કરવાથી અન્ય દેશોની પોલીસ પણ આરોપીને શોધવામાં મદદ કરે છે. નોટીસ જારી થયા પછી ઈન્ટરપોલના સભ્ય દેશો તપાસ કરે છે કે અન્ય દેશના આરોપી તેમના દેશમાં તો નથી ને!

ગ્રામ્ય વિસ્તારોમાં પાણીને લઈ સમસ્યાઓ જોવા મળી

સુજલામ સુફલામ કેનાલમાંથી પાણી છોડવા ખેડૂતોની માંગ

કેનાલમાં પાણી છોડવામાં આવેતો વિસ્તારના અનેક ગામડાઓમાં સિંચાઈ સહિતની રાહત સર્જાય એમ છે

બનાસકાંઠા,તા.૨૦

બનાસકાંઠા જિલ્લાના સરહદી ગ્રામ્ય વિસ્તારોમાં પાણીને લઈ સમસ્યાઓ જોવા મળી રહી છે. જેને લઈ સ્થાનિકો અને ખેડૂતોએ હવે સુજલામ સુફલામ કેનાલમાંથી પાણી છોડવાની માંગ કરી છે. ખેડૂતોની માંગ છે કે, મે મહિના અંત પહેલા કેનાલમાં પાણી છોડવામાં આવે. કેનાલમાં પાણી છોડવામાં આવેતો વિસ્તારના અનેક ગામડાઓમાં સિંચાઈ સહિતની રાહત સર્જાય એમ છે.એક તરફ કાળઝાળ ગરમી વરસી રહી છે, બીજી તરફ બનાસકાંઠા જિલ્લાના સરહદી ગ્રામ્ય વિસ્તારોમાં પાણીને લઈ સમસ્યાઓ જોવા મળી રહી છે. જેને લઈ સ્થાનિકો અને ખેડૂતોએ હવે સુજલામ સુફલામ કેનાલમાંથી પાણી છોડવાની માંગ કરી છે. ખેડૂતોની માંગ છે કે, મે મહિના અંત પહેલા કેનાલમાં પાણી છોડવામાં આવે. કેનાલમાં પાણી છોડવામાં આવેતો વિસ્તારના અનેક ગામડાઓમાં સિંચાઈ સહિતની રાહત સર્જાય એમ છે.ખેડૂતોએ દિયોદર પ્રાંત અધિકારીને આવેદન પત્ર આપ્યું હતુ અને પાણી છોડવાની માંગ કરી હતી. જો પાણી કેનાલમાં નહીં છોડવામાં આવે તો, આંદોલનનો માર્ગ અપનાવાશે એવી ચીમકી પણ આપી છે.કાંકરેજ, દિયોદર, લાખણી, થરાદ અને ધાનેરા વિસ્તારમાં સુજલામ સુફલામ કેનાલના પાણી આપવામાં આવે એ માટેની રજૂઆત ખેડૂતોએ આવેદન પત્ર આપીને કરી હતી.

૮ અધિકારીઓમાં ૭ મહિલા અધિકારીઓનો સમાવેશ

૮ પ્રોબેશનરી IAS મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાતે

સદકર્મ અને સેવાકાર્યની સુવાસથી લોકહૃદયમાં સ્થાન મેળવવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા અનુરોધ કરાયો

ગાંધીનગર, તા.૨૦

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાત ગુજરાત કેડરમાં ફાળવાયેલા ૨૦૨૩ની બેચના ૮ પ્રોબેશનરી **IAS** અધિકારીઓએ ગાંધીનગરમાં લીધી હતી. આ ૮ અધિકારીઓમાં ૭ મહિલા અધિકારીઓનો સમાવેશ થાય છે. તેમણે સરદાર પટેલ ઈન્સ્ટિટયૂટ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન-સ્પીપામાંથી ઈન્સ્ટિટ્યૂશનલ ટ્રેનિંગ પૂર્ણ કરી છે.આ પ્રોબેશનરી અધિકારીઓની રાજ્યના બનાસકાંઠા, ભાવનગર, કચ્છ, પંચમહાલ અને વલસાડ તથા નર્મદા તેમજ નવસારી જિલ્લાઓમાં ફિલ્ડ તાલીમ માટે સુપર ન્યુમરી આસિસ્ટન્ટ કલેક્ટર તરીકે ફાળવણી કરવામાં આવેલી છે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ પ્રોબેશનરી અધિકારીઓને ગુજરાતમાં ઉચ્ચ પદ પર સેવારત થવાની મળેલી તક દ્વારા સદકર્મ અને સેવાકાર્યની સુવાસથી લોકોના હૃદયમાં સ્થાન મેળવવા અનુરોધ કર્યો હતો.મુખ્યમંત્રીને મળેલા આ પ્રોબેશનરી **IAS** અધિકારીઓએ પોતાના પરિચય અને શૈક્ષણિક કારકિર્દીની વિગતો તથા તાલીમ દરમિયાનના અનુભવોથી મુખ્યમંત્રીને વાકેફ કર્યા હતા. આ સૌજન્ય મુલાકાત વેળાએ સ્પીપાના ડાયરેક્ટર જનરલ મોહમ્મદ શાહિદ, મુખ્યમંત્રીના સચિવ અવંતિકા સિંઘ, સ્પીપાના નાયબ મહાનિયામક વિજય ખરાડી અને વરિષ્ઠ અધિકારીઓ પણ જોડાયા હતા.

૪૮ કલાકથી રહેણાંકમાં ધામા નાખતા સ્થાનિકોમાં ફફડાટ

કોડિનારના રેવન્યુ વિસ્તારમાં વિફરેલી સિંહણે આતંક મચાવ્યો

ગ્રામજનો એક જ માંગ કરી રહ્યા છે કે, તાત્કાલિક આ સિંહ પરિવારને વન વિભાગ પકડે એટલે અમને રાહતનો શ્વાસ મળે

કોડિનાર,તા.૨૦

ગીર સોમનાથમાં કોડીનારના રેવન્યુ વિસ્તાર અને નવાગામની વાડી વિસ્તારમાં પરિવાર સાથે વિફરેલી સિંહણે આતંક મચાવ્યો છે, સિંહણે માનવ હુમલો કરતા લોકોમાં ફફટાડ ફેલાયો છે,સિંહ પરિવારના આતંકને કારણે ગીર સોમનાથ જીલ્લાનું નવાગામ અને આસપાસનો વિસ્તાર થરથર કાપી રહ્યો છે,આસપાસનાં ગામો પણ આ વિફરેલી સિંહણનાં ભયના ઓથાર તળે જોવા મળે છે. ત્યારે ગ્રામજનો એક જ માંગ કરી રહ્યા છે કે, તાત્કાલિક આ સિંહ પરિવારને વન વિભાગ પકડે એટલે અમને રાહતનો શ્વાસ મળે. ગીર સોમનાથ જિલ્લાનાં કોડીનાર તાલુકાના રેવન્યુ વિસ્તારમાં અને નવાગામના વાડી વિસ્તારમાં પરિવાર સાથે વિફરેલી સિંહણે આતંક મચાવ્યો છે. છેલ્લી ૪૮ કલાકમાં ૧ માનવ હુમલો અને રેસીડેન્સીયલ કોલોનીમાં ઘૂસી જતા લોકો ભયભીત બન્યા છે. સિંહ પરિવારનાં આતંકને કારણે ગીર સોમનાથ જીલ્લાનું નવાગામ અને આસપાસનો વિસ્તાર થરથર કાપી રહ્યો છે.આસપાસનાં ગામો પણ આ વિફરેલી સિંહણનાં ભયના ઓથાર તળે જોવા મળે છે. ત્યારે ગ્રામજનો એક જ માંગ કરી રહ્યા છે કે,તાત્કાલિક આ સિંહ પરિવારને વન વિભાગ અહીંથી પકડી અને જંગલમાં મુક્ત કરે. જોકે આ સિંહ પરિવારને પકડવા વન વિભાગની ટીમો બે દિવસથી જહેમત ઉઠાવી રહી છે.પણ સફળતા નથી મળી. હાલમાં ભીષણ ગરમી તેનુ અસલી સ્વરૂપ બતાવી રહી છે ત્યારે ગરમી અને ઉકળાટથી વન્ય પ્રાણીઓ પણ ત્રાહિમામ પોકારી ગયા હોય તેવું લાગી રહ્યું છે.

ગીર જંગલ વિસ્તારમાંથી પાણી અને ખોરાકની શોધમાં સિંહો ગીર જંગલ છોડી ગીર બોર્ડર વિસ્તારના ગામોમાં આવી ચડે છે. હવે સિંહોએ રેવન્યુ વિસ્તારમાં ધામા નાખતા લોકોમાં ભારે ભય ફેલાયો છે. ગત તારીખ ૧૬ના રોજ વહેલી સવારે કોડીનાર ખાનગી કોલોની સિમેન્ટ કંપની કોલોનીમાં સિંહ પરિવાર ઘૂસ્યો હતો અને પોતાના બચ્ચાને કોલોનીમાં એકલા મૂકી સિંહણ જતી રહી હતી. જેને વનવિભાગે ૧૨ કલાકની ભારે જહેમત બાદ સિંહ,સિંહણ અને ૩ બચ્ચાંઓનું મિલન કરાવ્યું હતુ. સિંહ પરિવારનું મિલન થતાં જ તેઓ રેવન્યુ ખેતર વિસ્તારોમાં જતા રહેતા કોલોનીના રહીશોએ રાહતનો શ્વાસ લીધો.

ઇડર અને હિંમતનગર સિવિલ સજ્જ

કાળઝાળ ગરમીને લઈ આરોગ્ય તંત્ર એલર્ટ

ગરમીને લઈ હિંમતનગર અને ઈડર સિવિલ હોસ્પિટલમાં વિશેષ ટીમ સાથે સુવિધા તૈયાર રખાઈ છે

સાબરકાંઠા,તા.૨૦

સાબરકાંઠાના કાળઝાળ ગરમીને લઇને લોકો હવે પરેશાન બની ગયા છે. ગરમીને લઇને પરેશાન લોકો પણ બપોરે ઘરની બહાર નહી નિકળવા માટે મજબુર બન્યા છે તો ગરમીને લઇને દવાખાના અને હોસ્પીટલમાં ગરમીને લઇને પરેશાન દર્દીઓની સંખ્યામાં પણ વધારો થયો છે. ગરમીને લઈ હિંમતનગર અને ઈડર સિવિલ હોસ્પિટલમાં વિશેષ ટીમ સાથે સુવિધા તૈયાર રખાઈ છે. જેથી ગરમીની અસર થયેલ દર્દીઓને તુરંત સારવાર મળી શકે.સાબરકાંઠા જીલ્લામાં ઈડર અને હિંમતનગરમાં જાણે કે આકાશમાંથી અગનગોળા વરસી રહ્યા હોય એવો અહેસાસ થઈ રહ્યો છે. છેલ્લા કેટલાક દીવસ થી ગરમી ના પ્રમાણ મા વધારો થયો છે. ગરમીના પ્રમાણમાં વધારો થતા લોકો પણ પરેશાન બની ગયા છે. ગરમીની અસર થવાને લઈ દર્દીઓ ને ચક્કર આવવા અને ડીહાઈડ્રેશનની સમસ્યા પીડાવી રહી છે અને જેને લઈને ગરમીમાં હવે તેઓએ હોસ્પીટલનો સહારો લેવો પડી રહ્યો છે . આ વર્ષે પણ ઉનાળાની ગરમીએ અકળાવી મુક્યા છે અને ગરમીને પરેશાન લોકો હવે બીમારીનો પણ ભોગ બનવા લાગ્યા છે અને આખરે સારવારને સહારે થવુ પડ્યુ છે સિવિલ ખાતે વિશેષ સુવિધાઓ તૈયાર કરવામાં આવી છે. હાલમાં ગરમીના પ્રમાણને ધ્યાને રાખીને તબીબોની ટીમોને વિશેષ રીતે તૈયાર કરવામાં આવી છે. જેમાં ખાસ કરીને ડીહાઈડ્રેશન અને લૂ લાગવા જેવા દર્દીઓને લઈને પણ સારવાર માટે તૈયારીઓ કરવામાં આવી છે.હિમતનગર સિવિલ હોસ્પિટલની ઓપીડીના આંકડાકીય રીતે જોઈએ તો છેલ્લા સપ્તાહ થી દર્દીઓની સંખ્યામાં વધારો થયો છે. હાલમાં પ્રતિદીન ૧૧૦૦ થી ૧૨૦૦ જેટલા દર્દીઓની ઓપીડી પ્રતિદીન નોંધાઇ રહ્યા છે. જેમાં ગરમીને લઈ અસર થયેલા દર્દીઓ પણ સારવાર માટે સિવિલ અને દવાખાનાઓમાં નોંધાઈ રહ્યા છે. ગરમીમા ખાસ કરીને ચક્કર આવવા થી ઢળી પડનારા અને ડીહાઈડ્રેશન થી પીડાતા લોકો માં મુખ્ય વધારો થઈ રહ્યો છે.ગરમીને લઈને ઝાળા ઉલ્ટી ના પણ કેટલાક દર્દીઓ જિલ્લામાં સામે આવી રહ્યા છે. આરોગ્ય વિભાગે પણ લોકોને બપોરના સમયે બહાર નહી નિકળવા માટે પણ અપીલ કરી છે. અને પ્રવાહી પીણાં અને છાયડાનો ઉપયોગ વધુમાં વધુ કરવા માટે પણ અપીલમાં સલાહ કરાઇ છે. કારણ કે હજુ એક સપ્તાહ સુધી ગરમીનુ પ્રમાણ રહેવાનુ છે. જેને લઈને આરોગ્ય વિભાગે પણ હજુ એક સપ્તાહ સાબદુ રહેવુ પડશે.

પાસપોર્ટ વિભાગ તઘલખી બન્યુ

સ્માર્ટકાર્ડના સ્વરૂપમાં આધારકાર્ડ માન્ય નહીં

મોટાભાગના અરજદારો પાસે જાતે બનાવેલું આધારકાર્ડના સ્વરૂપમાં સ્માર્ટકાર્ડ હોવાથી તેઓ પાસપોર્ટ સેવા કેન્દ્ર પર પહોંચે છે ત્યારે તેને માન્ય ગણવામાં આવતું નથી

અમદાવાદ,તા.૨૦

પાસપોર્ટ ઓફિસે લોકોને હેરાન કરવા માંડ્યા છે. આના અનુસંધાનમાં જ તઘલખી નિર્ણય લેતા અરજદારો હેરાન થઈ ગયા છે. તેઓનું કહેવું છે કે સરકારે આપેલું આધારકાર્ડ જ ચાલશે. આધાર સાઈટથી ડાઉનલોડ કરેલું કાર્ડ પણ ચાલશે. લોકો પાસે સ્માર્ટકાર્ડના સ્વરૂપમાં આધારકાર્ડ છે તે નહીં ચાલે.

પાસપોર્ટ ઓફિસે લોકોને હેરાન કરવા માંડ્યા છે. આના અનુસંધાનમાં જ તઘલખી નિર્ણય લેતા અરજદારો હેરાન થઈ ગયા છે. તેઓનું કહેવું છે કે સરકારે આપેલું આધારકાર્ડ જ ચાલશે. આધાર સાઈટથી ડાઉનલોડ કરેલું કાર્ડ પણ ચાલશે. લોકો પાસે સ્માર્ટકાર્ડના સ્વરૂપમાં આધારકાર્ડ છે તે નહીં ચાલે.

આમ જો તમારી પાસે જાતે બનાવેલું લેમિનેશનવાળુ આધાર કાર્ડ હશે તો પાસપોર્ટ સેવા કેન્દ્રમાં તમારી અરજી સબમિટ થઈ શકશે નહીં અને તમારે ધરમધક્કો પડશે. હાલમાં પાસપોર્ટ સેવા કેન્દ્ર પર આવતા ઘણા અરજદારોને તેમની પાસે સરકાર તરફથી મળેલું પૂરેપુરું આધારકાર્ડ અથવા તો આધાર કાર્ડની વેબસાઈટ પરથી ડાઉનલોડ કરેલી રંગીન કોપી માંગવામાં આવે છે. મોટાભાગના અરજદારો પાસે જાતે બનાવેલું આધારકાર્ડના સ્વરૂપમાં સ્માર્ટકાર્ડ હોવાથી તેઓ પાસપોર્ટ સેવા કેન્દ્ર પર પહોંચે છે ત્યારે તેને માન્ય ગણવામાં આવતું નથી.

નવાઈની વાત એ છે કે જયારે અરજદાર કોઈપણ પાસપોર્ટ સેવા કેન્દ્રમાં પ્રવેશ કરતાં અરજી સાથે દસ્તાવેજોની ચકાસણી માટે જાય છે ત્યારે ફરજ પરના અધિકારીઓ આ વાત ધ્યાને દોરતા નથી અને તેમની પાસે જાતે બનાવેલું આધારકાર્ડ અરજી માન્ય રાખી આગળના કાઉન્ટર પર ધકેલી દે છે. તેના પછી અરજદાર બી અથવા સી કાઉન્ટર પર જાય છે. આ આધારકાર્ડ ણાન્ય રાખવામાં આવતું ન હોવાથી તેમની અરજી હોલ્ડ પર રાખી પ્રક્રિયા ફરીથી કરવાનું કહેવામાં આવે છે. તેમને નવી પારીખ આપવામાં આવે છે.

આમ અરજદારને પાસપોર્ટ સેવા કેન્દ્રમાં આખી પ્રક્રિયા પૂરી કરવામાં ચારથી પાંચ કલાક જેટલો સમય લાગી જાય છે. તેની સાથે આખો દિવસ બગાડ્યા પછી પણ આધારકાર્ડ મુદ્દે ધક્કો ખાવાનો વારો આવે છે.મીઠાખળી ખાતે આવેલા પાસપોર્ટ સેવા કેન્દ્ર પર તાજેતરમાં જ બપોરે અરજદાર અને સ્ટાફ વચ્ચે મારામારી થતાં પોલીસ બોલાવવાની ફરજ પડી હતી. અરજદારે પાસપોર્ટની કામગીરીને લઈને કર્મચારીની બોચી પકડી હતી. તેથી સ્ટાફે પોલીસ કંટ્રોલ રૂમ પર ફોન કરતાં પોલીસ આવી હતી અને મામલો થાળે પાડ્યો હતો.

ધારાસભ્ય મહેશ કસવાલા પ્રેરિત ''નમો પુસ્તક પરબ''ની મુલાકાત લેતા મુખ્યમંત્રી પટેલ

નમો પુસ્તક પરબ
B. Tech
Enterprise Resource Planning

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે મણીનગર સ્થિત ઉત્તમનગર ગાર્ડન પાસે ''નમો પુસ્તક પરબ'' અંતર્ગત પ્રતિ રવિવારે યોજાતા પુસ્તક પરબની આ રવિવારે યોજાયેલી ૧૫૧મી કડીમાં પુસ્તક પ્રદર્શનની મુલાકાત લીધી હતી. દેશના વર્તમાન વડાપ્રધાન અને ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ચોથી જુલાઈ ૨૦૨૧નાં રોજ ''નમો પુસ્તક પરબ''નો પ્રારંભ કરવામાં આવેલો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ પ્રદર્શનમાં વિવિધ વિષયોને આવરી લેતા પુસ્તકોને અત્યંત રસપૂર્વક નિહાળ્યા હતા સાથે સાથે આ પ્રવૃત્તિની જાણકારી પણ મેળવી હતી. ધારાસભ્ય મહેશ કસવાલા પ્રેરિત 'સંસ્કૃતિ ફાઉન્ડેશન' ધ્વારા પ્રતિ રવિવારે ઉત્તમનગર ગાર્ડનની બહાર ફૂટપાથ પર પુસ્તકોનું પ્રદર્શન યોજાય છે. આ પરબમાં વિવિધ વિષયોના ૩૦૦૦ થી વધુ પુસ્તકોનો જાહેર જનતા લાભ લે છે. ધર્મ, પ્રવાસન, સાહિત્ય, એન્જિનિયરિંગ, સાયન્સ, કવિતાઓ, વાર્તા સંબંધિત આ પુસ્તકોએ મણીનગરના લોકો માટે વિશેષ આકર્ષણ જમાવ્યું છે. આ પ્રસંગે ધારાસભ્ય મહેશ કસવાલાએ જણાવ્યું હતું કે, 'નરેન્દ્ર મોદી હંમેશા કહેતા વાંચનમાં એક જબરજસ્ત તાકાત હોય છે.' તેમાંથી પ્રરેણા લઈને આ પરબ શરૂ કરાઈ છે. વાંચનને એક આદત બનાવવાના ધ્યેય સાથે પ્રતિ રવિવાર પુસ્તક પરબમાં અનેક લોકો પુસ્તકોની આપ લે કરે છે. સૌથી મહત્વની બાબત એ છે કે પુસ્તક આપનાર અને લઈ જનારની કોઈપણ પ્રકારની નોંધણી કરાતી નથી એમ છતાંય અહીયા કયારેય પુસ્તકો ખૂટયા નથી. જે પરિવારો પાસે પુસ્તકો હોય એ અહીં મુકી જાય છે અને જરૂરિયાતમંદો કે વાંચન શોખીનો અહીથી પુસ્તક વાંચવા લઈને પરત આપી જાય છે. પુસ્તક પરબ પરિવાર સાથે સંકળાયેલા કૌશલભાઈ, પાલભાઈ, હિતેશ પટેલ અને અનેક કાર્યકરો આ પરબનું સફળતાપૂર્વક સંચાલન કરે છે. આ પ્રસંગે મણીનગરના ધારાસભ્ય અમુલ ભટ્ટ અને વાંચનપ્રેમીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

પાના ૧ ઉપરનું ચાલું

બાબરામાં કાળુભાર નદીમાં

ધારકો દ્વારા મામલતદારને આવેદનપત્ર આપી રજુઆત કરવામાં આવી છે તેમજ જરૂર જણાયે શહેર બંધ રાખી વિરોધ કરવા તખ્તો ઘડવા તૈયારી બતાવી રહ્યા છે.

મળતી હકીકત હાલ બે થી ત્રણ ઈંચ જેટલા એકધારા વરસાદમાં પણ ધુળીયા પ્લોટ જીવનપરા, શિવાજી ચોક, તાલુકા શાળા કન્યા શાળા, એસબીઆઈ બેંક, સિવિલ હોસ્પિટલ કવાર્ટર, નાગરિક બેન્ક અને નગરપાલિકા કચેરી, બાલકૃષ્ણ લાલજી હવેલી, ગાયત્રી મંદિર, રીધેશ્વર મંદિર, ઈંગારશાપીર દરગાહ સહિત ખખ્ખર કોલોની સુધી વરસાદી પુરના પાણી ભરાવા પામે છે જેના કારણે ગુજરાત સરકાર આગામી સમયે સ્થાનિક માંગ મુજબ કાળુભાર નદી ઊંડી ઉતારવા માટે ગ્રાન્ટ ફાળવવા કામગીરીની ગતિમાં આવનાર છે. તેમ છતાં હાલની ભાજપ શાસિત નગરપાલિકા વર્તુળ પોતાની મનમાની કરી નદીમાં જરૂર વગરના પાકા રેમ્પ બનાવવા આર્થિક રકમનો મોટો વેડફાટ કરી રહી છે. વળી શહેર મધ્યમાંથી પસાર થતી કાળુભાર નદી ઊંડી ઉતાર્યા પહેલા બનવા જઈ રહેલા પાકા રેમ્પના કારણે વરસાદી પુરનું પાણી શહેરમાં ઘુસવાની દહેશત અને જાનમાલ, મિલકતનું મોટું નુકસાન થવા સંભવ હોવાનું માનવા માં આવી રહ્યું છે. નદીકાંઠાના શહેરીજનો દ્વારા આવી અણઘડ કામગીરી રોકવા નગરપાલિકામાં મૌખિક રજુઆત કરી ચુકી છે. જયારે આવતા દિવસોમાં ઉચ્ચ કક્ષા માં આવેદન આપી જરૂર જણાયે શહેર બંધ પાળી કામગીરીનો વિરોધ થનાર હોવાનું સાંભળવા મળે છે.

સંકુલ KG થી ધો. ૫ કન્યા કુમાર – બન્ને મિડીયમ પ્રવેશ
ઈંગ્લીશ મિડીયમ સવાર – ગુજરાતી મિડીયમ બપોર
★ KG ફ્રી નાસ્તો – અધ્યતન વર્ગખંડ – સેપરેટ કમ્પાઉન્ડ – વ્યાજબી ફીજ
★ KG થી ધો. ૫ – All સ્ટાફ BA-B.Ed. ઈંગ્લીશ અથવા B.Sc.-B.Ed.
★ ત્રિ માસિક – છ માસિક – નવ માસિક – વાર્ષિક પરિક્ષા – ધો. ૧ થી ૫ ડેઈલી ટેસ્ટ
★ ખેલકૂદ – સાહિત્ય કલા – ગીત સંગીત – સાંસ્કૃતિક & 31st ની સ્પર્ધાઓ
★ હાફ ડે પીકનીક – વન ડે ટુર – સેમીનાર – DG-RG-IG – ઈ લર્નિંગ – ડેમોલેબ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:– શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(લેઉવા પટેલ), ચક્કરગઢ રોડ -Ad032

અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શિંગ મઠડી	૮૯૫	૧૨૧૯
૨	શિંગ મોટી	૮૯૯	૧૨૩૫
૩	શિંગદાણા	૧૬૩૪	૧૬૬૫
૪	શીંગદાણા ફાડા	૧૪૦૦	૧૬૮૦
૫	તલ સફેદ	૧૦૫૦	૩૧૦૦
૬	તલ કાળા	૧૩૩૦	૩૩૩૫
૭	તલ કાશ્મીરી	૨૮૫૦	૩૦૮૨
૮	બાજરો	૪૦૦	૪૬૫
૯	જુવાર	૪૩૦	૮૭૫
૧૦	ઘંઉ ટુકડા	૪૫૫	૬૪૫
૧૧	ઘઉં લોકવન	૪૬૫	૫૭૬
૧૨	મકાઈ	૫૨૬	૫૨૬
૧૩	મગ	૧૫૦૦	૧૭૯૪
૧૪	ચણા	૯૩૦	૧૨૬૭
૧૫	ચણા દેશી	૧૨૨૨	૧૨૪૦
૧૬	તુવેર	૧૨૦૦	૨૦૯૦
૧૭	કપાસ	૯૭૦	૧૫૧૫
૧૮	એરંડા	૯૫૦	૧૦૬૯
૧૯	જીરૂ	૨૨૦૦	૬૪૩૦
૨૦	ધાણા	૧૦૦૦	૧૬૭૫
૨૧	ધાણી	૧૧૬૦	૧૭૭૦
૨૨	અજમા	૧૭૯૦	૨૫૧૦
૨૩	મેથી	૮૦૦	૧૦૮૮
૨૪	સોયાબીન	૮૧૨	૮૬૫
૨૫	મરચા લાંબા	૮૮૦	૧૮૪૦
૨૬	વરીયાળી	૫૬૦	૧૨૪૦

અમરેલી જિલ્લાની ૧૨ ઔદ્યોગિક તાલીમ સંસ્થામાં પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ

અમરેલી તા. ૨૦

અમરેલી જિલ્લાની ૧૨ ઔદ્યોગિક તાલીમ સંસ્થા (આઈ.ટી.આઈ.) માં પ્રવેશ સત્ર – ૨૦૨૪ અંતર્ગત પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ થયો છે. ધો.૧૦ અને ધો. ૦૮ પાસ હોય તે કોઈ પણ ઉમેદવાર વિવિધ ટ્રેડમાં અભ્યાસ કરવા માટે પ્રવેશ મેળવી શકે છે. આ માટે ઓનલાઈન અરજી કરવાની રહે છે તેના માટે જિલ્લાની કોઈ પણ આઈ.ટી.આઈ.નો સંપર્ક કરી શકશે. અમરેલી જિલ્લામાં હાલમાં અમરેલી, લાઠી, લીલીયા, બાબરા, બગસરા, ધારી, કુંકાવાવ, વડિયા, સાવરકુંડલા, ખાંભા, રાજુલા અને જાફરાબાદ એમ ૧૨ સ્થળ ોએ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા (આઈ.ટી.આઈ) કાર્યરત છે, ત્યાં હેલ્પસેન્ટરની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. આ સેન્ટર પરથી ઉમેદવાર સહેલાઈથી ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે, તેમ ઔદ્યોગિકતાલીમ સંસ્થાઓનાનોડલ અને અમરેલી ઔદ્યોગિક તાલીમ સંસ્થાના આચાર્યએ એક યાદીમાં જણાવ્યું છે.

પાના ૧ ઉપરનું ચાલું

અમરેલી ખાતે શ્રી દ્વારકાધીશ પ્રભુનાં

તદઉપરાંત ૩૧ મે નાં રોજ અષ્ટમ પાટોત્સવ અને શ્રી દ્વારકેશલાલજી મહારાજનાં ષષ્ટિપૂર્તિ અભિવાદન સમારોહ અંતર્ગત સવારે મંગળાદર્શન, પલના/નંદ મહોત્સવ, રાજભોગ અને સાંજે શયનનાં દર્શન થશે અને સાંજના ૬ કલાકે વરણાંગી શહેરનાં રાજમાર્ગો પર ફરીને બાલભવન જશે, મંગળાચરણ પાઠશાળાનાં બહેનો ધ્વારા રજૂ કરાશે અને શહેરની એકવાન સંસ્થાઓ ધ્વારા પૂ. દ્વારકેશલાલજી મહારાજનું અભિવાદન કરવામાં આવશે.

સર્વેવૈષ્ણવોને પધારવા અને મહાપ્રસાદનો લાભ લેવા અનુરોધ કરવામાં આવેલ છે.

અવસાન નોંધ

વડીયા : વડીયા નિવાસી વિનુભાઈ શાંતિભાઈ પરમાર તે પત્રકાર પરેશભાઈ પરમાર ના મોટા ભાઈ હાલ જેતપુર (ભોજાધાર)ના સુપુત્ર પ્રિન્સ વિનુભાઈ પરમાર નો પુત્ર દેવાંસ ઉ.૭ માસ તા–૧૯–૫–૨૦૨૪ને રવિવારના રોજ શ્રી ગોપાલચરણ પામેલ છે.

અમરેલી : રાજુલા નિવાસી સ્વ. મણીલાલ ધારશીભાઈ વોરાના ધર્મપત્નિ સ્વ. ભાનુમતિબેન (ઉ.વ. ૮૨) તે ગુણવંતરાય, દિલીપભાઈ, રાજુભાઈ, જયશ્રીબેન જયંતકુમાર કામદાર (અમરેલી) અને ભાવનાબેન નિતીનભાઈ (વડોદરા)ના માતુશ્રી, બળવંતરાય (મુંબઈ)ના ભાભી, ચલાલા નિવાસી હાલ મુંબઈ ગુલાબચંદ જીવનલાલ લાખાણીના દિકરી અને રમેશભાઈ તથા ગીરીશભાઈના મોટા બહેન તા. ૧૫ ના અરિહંત શરણ પામેલ છે.

સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શીંગ મઠડી	૧૨૦૦	૧૩૮૧
૨	શીંગ મોટી	૧૧૫૧	૧૨૩૧
૩	શીંગ નવી	૧૩૫૧	૧૫૫૧
૪	તલ સફેદ	૨૫૦૦	૨૮૬૭
૫	તલ કાળા	૨૯૦૦	૩૧૯૦
૬	જીરૂ	૫૮૦૦	૬૬૫૦
૭	કપાસ	૧૩૦૦	૧૪૯૦
૮	ઘઉં લોકવન	૪૨૫	૫૬૧
૯	ઘઉં ટુકડા	૪૬૫	૫૯૧
૧૦	બાજરો	૩૮૦	૪૮૪
૧૧	જુવાર	૪૦૦	૮૨૯
૧૨	મકાઈ	૪૦૦	–
૧૩	મગ	૧૬૫૧	૧૮૮૬
૧૪	મેથી	૧૦૧૧	૧૨૩૨
૧૫	ચણા	૧૧૫૦	૧૨૬૦
૧૬	દેશી ચણા	૧૨૦૦	૧૩૨૧
૧૭	એરંડી	૧૦૦૦	૧૦૭૧
૧૮	મેથી	૧૦૫૧	૧૨૩૨
૧૯	રાય/રાયડો	૮૫૦	૯૮૯
૨૦	ધાણા	૧૧૦૦	૧૪૦૦

પાના ૮ ઉપરનું ચાલું

રાજુલા નજીક આવેલ પિપાવાવ

ડી.સી.એફ. જયંત પટેલ અને ઈન્ચાર્જ એ.સી.એફ. વાઘેલા અને પી.આર.ઓ. ગેલાણીના માર્ગદર્શન હેઠળ રાજુલા રેન્જના આર.એફ.ઓ. વાય.એમ. રાઠોડ દ્વારા તપાસ હાથ ધરી હતી. જયારે ઘવાયેલા વન કર્મીને પ્રથમ સારવાર અર્થે રાજુલા સરકારી હોસ્પિટલ ખાતે ખસેડાયા હતા. બાદમાં એન્ટિરેબીસ ઈન્જેકશન માટે હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવામાં આવ્યા હતા. પિપાવાવ પોર્ટની અંદર એક બીમાર સિંહણ પણ આંટાફેરા કરતી હોવાનું પણ સ્થાનિક સુત્રોમાંથી જાણવા મળ્યું હતું.

ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૩૦૦	૧૪૬૫
૨	ચણા	૧૨૦૨	૧૨૫૧
૩	જુવાર પીળી	૪૦૦	૪૦૦
૪	તલ સફેદ	૨૪૦૦	૨૭૭૬
૫	એરંડા	૧૦૦૧	૧૦૪૨
૬	ધાણા	૮૫૦	૮૫૦
૭	જીરૂ	૫૬૩૫	૫૬૩૫
૮	મેથી	૧૦૩૦	૧૦૩૦

ધારી માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૨૭૬	૧૨૭૬
૨	મગફળી	૧૦૦૫	૧૧૩૫
૩	ઘઉં	૩૫૦	૫૧૬
૪	ચણા	૧૧૨૬	૧૨૦૦
૫	મગ	૧૭૫૦	૧૮૧૧
૬	રાજગરો	૯૭૫	૯૭૫
૭	કાંગ	૫૬૦	૫૬૦
૮	તલ	૨૭૦૧	૨૭૦૨
૯	શીંગ દાણા	૧૩૭૫	૧૫૯૬
૧૦	એરંડા	૧૦૭૧	૧૦૭૩
૧૧	સોયાબીન	૭૭૦	૭૭૦
૧૨	ધાણા	૧૨૦૦	૧૨૬૫
૧૩	મેથી	૧૦૩૦	૧૦૩૦

બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૧૦૦	૧૪૫૦
૨	ચણા	૯૦૦	૧૧૭૩
૩	ધાણા	૧૦૪૦	૧૩૨૬
૪	ઘઉં લોકવન	૪૦૦	૫૧૮
૫	ઘઉં ટુકડા	૪૨૨	૪૯૮
૬	એરંડી	૯૭૬	૧૦૬૩
૭	જુવાર	૫૦૦	૫૦૦
૮	જીરૂ	૪૫૦૦	૪૫૦૦
૯	ધાણી	૧૨૮૦	૧૨૮૦
૧૦	તલ સફેદ	૨૨૦૫	૨૭૪૦
૧૧	મગફળી	૧૧૬૫	૧૧૫૦
૧૨	ડુંગળી	૭૧	૭૧
૧૩	સીંગફાડા	૧૫૦૦	૧૫૫૦
૧૪	ચણા સફેદ	૧૧૮૮	૧૨૫૫
૧૫	અડદ	૧૭૩૫	૧૭૩૫
૧૬	તુવેર	૧૦૧૫	૧૦૧૫
૧૭	સોયાબીન	૮૧૧	૮૩૮
૧૮	મેથી	૯૨૦	૯૨૬

પાના ૮ ઉપરનું ચાલું

અમરેલીમા ડ્રગ્ઝનાં દુષણને

નશીલા ડ્રગ્ઝ માટે અમરેલીની એક મોટી કોલેજની હોસ્ટેલમાં પોલીસ દ્વારા દરોડા પાડવામાં આવેલ હતા પરંતુ કોઈ અકળ કારણોસર કાંઈ મળ્યું ન હોતુ એમ તંત્રનું કહેવુ છે આપણે સૌ જાણીએ છીએ કે કેમ નહિ મળ્યું હોય જો ગુભરતા પુર્વક તપાસ થઈ હોત તો ઘણો મુદામાલ હજુ આજની તારીને પણ ડ્રગ્ઝનું સેવન ચાલુ જ છે એમ સુત્રો દ્વારા જાણવા મળેલ છે. જો પોલીસ તંત્ર છુપી રીતે એ વિસ્તારમાં રાત્રીના તપાસ કરે તો તથા ઘણુ બધુ મળે તેમ છે અને બીજી અસામાજિક પ્રવૃતિ પણ જાણવા મળશે.

અમરેલીમાં પણ અત્યારે હજારોની સંખ્યમાં આના વ્યસનથી હવે અને આ બધુ અમરેલીમાંથી જ મળી રહેતુ હોવુ જોઈએ એમ મારૂ માનવુ છે. નિષ્ઠાપુર્વ આવા અડા ઉપર દરોડા પાડે તો ઘણી જગ્યાએ આ મળશે જો આમને આમ કોઈ કંટ્રોલ નહિ રહે તો અમરેલી પણ ઉડતા હરોળમાં મુકાઈ જશે એમાં કોઈ શંકા નથી અને પછી તેને કંટ્રોલ કરવું અશકય બનશે તેમ અંતમાં જણાવેલ છે.

સંકુલ ધો. ૬ થી ૧૨ ગુજરાતી મિડીયમ – ઈંગ્લીશ મિડીયમ
ધો. ૧૧–૧૨ આર્ટસ કોમર્સ સાયંસ – ગર્લ્સ પ્રવેશ
★ KG થી PG સુધીનું નિવાસી ગર્લ્સ કેમ્પસ Since 1997 – વ્યાજબી ફીજ
★ આર્ટસ – મનોવિજ્ઞાન રાજ્યશાસ્ત્ર • સમાજશાસ્ત્ર અર્થશાસ્ત્ર • ઈતિહાસ ભૂગોળ
★ ધો. ૧૦ ગુજરાતી મિડીયમ ને ધો. ૧૧ કોમર્સ ઈંગ્લીશ મિડીયમ માં પ્રવેશ મળશે.
★ ધો. ૧૧–૧૨ બન્ને વર્ષ – JEE - NEET - GUJCAT – ડેઈલી નિઃશુલ્ક ક્લાસ
★ ધો. ૧૦–૧૨ બોર્ડ A1-A2 ગ્રેડ ને ધો. ૧૧–૧૨ 50% / 25% સ્કૂલ ફી માફ / પરત
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક ગર્લ્સ સંકુલ(લેઉવા પટેલ), ચક્કરગઢ રોડ -Ad 031

બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ શંકર	૧૨૫૦	૧૪૮૫
૨	મગફળી	૧૧૪૨	૧૧૫૮
૩	ચણા	૧૧૭૦	૧૨૮૦
૪	જીરૂ	૪૨૨૫	૬૨૭૫
૫	ઘઉં	૪૬૯	૫૭૧
૬	તલ સફેદ	૨૩૯૦	૨૭૫૦
૭	એરંડા	૯૫૫	૯૯૫
૮	મગ	૧૪૭૦	૧૭૮૦
૯	બાજરો	૪૨૩	૪૫૭
૧૦	જુવાર	૫૪૦	૬૫૦
૧૧	તલ કાળા	૨૫૮૫	૩૨૧૫

રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શીંગ	૧૦૭૦	૧૧૭૦
૨	તલ સફેદ	૨૫૭૧	૨૭૯૪
૩	તલ કાળા	૨૭૨૭	૩૦૦૧
૪	કપાસ	૧૦૦૧	૧૪૬૭
૫	બાજરો	૩૫૦	૫૧૦
૬	ઘઉં ટુકડા	૪૬૦	૫૩૦
૭	જુવાર	૪૦૦	૯૦૦
૮	મકાઈ	૪૨૧	૪૬૪
૯	મગ	૧૩૦૧	૧૮૩૧
૧૦	ધાણા	૧૦૦૧	૧૦૦૧
૧૧	મેથી	૮૦૦	૮૦૦
૧૨	તુવેર	૧૪૦૦	૧૪૦૦
૧૩	ચણા	૭૦૦	૧૨૬૧
૧૪	છોલે ચણા	૧૫૦૧	૧૫૦૧
૧૫	એરંડી	૯૫૦	૯૫૦
૧૬	સોયાબીન	૮૩૫	૮૭૦

તાપમાનનો પારો ૪૩ થી ૪૫ ડીગ્રી વચ્ચે અવર–જવર કરી રહ્યો હોય

અમરેલી જિલ્લામાં કાળઝાળ ગરમીથી સૌ કોઈ ત્રાહીમામ

સવારના ૯ થી સાંજના ૬ સુધી વાતાવરણમાં ભારે ગરમાવો જોવા મળી રહ્યો છે

બપોરના ૧૨ થી સાંજનાં ૫ સુધી જિલ્લાનાં ધોરી માર્ગો અને હાઈ–વે સુમસામ ભાસી રહ્યાં છે

વહીવટી તંત્રએ ગરમીથી બચવા માટે જરૂરી સુચનાઓ જાહેર કરી

બાળકો વૃધ્ધો અને સગર્ભા મહિલાઓએ ખુબ સાવચેતી રાખવી જરૂરી

અમરેલી, તા.૨૦

અમરેલી જિલ્લામાં તાપમાનનો પારો ૪૩ થી ૪૫ ડીગ્રી વચ્ચે અવર–જવર કરતો હોય સમગ્ર જિલ્લામાં કાળઝાળ ગરમીનો જનતાજનાર્દન અનુભવ કરી રહી છે. જિલ્લામાં વીજળી અને પાણીની માંગમાં જબ્બરો વધારો થયો છે. અને સવારના ૯ થી સાંજના ૬ સુધી સામાન્ય જનજીવન અસ્તવ્યસ્ત બની ગયું છે.

અમરેલી જિલ્લામાં છેલ્લા ૩ દિવસથી અસહ્ય ગરમી પડી રહી હોય બપોરનાં ૧૨ થી સાંજનાં ૫ સુધી જિલ્લાના રાજમાર્ગો અને હાઈ–વે સુમસામ ભાસી રહ્યાં છે. તો વહીવટી તંત્ર દ્વારા પણ જનતા જનાર્દન માટે જરૂરી સુચનાઓ જાહેર કરવામાં આવી છે.

જિલ્લા આરોગ્ય અધિકારીઓ જણાવેલ છે કે,ઉનાળ ામાં અસહ્ય ગરમીને કારણે આરોગ્ય પર થતી વિપરિત અસરોથી બચવા (લુલાગવાથી) માટે તકેદારીના પગલા ભરવા આવશ્યક છે. હાલમાં રાજયમાં ગરમીનું પ્રમાણ વધી રહયું છે. તાપમાનમાં વધારો જોવા મળી રહયો હોય છે વધુ પડતી ગરમી મનુષ્યનાં આરોગ્ય માટે હાનિકારક છે.

લું લાગવા (સનસ્ટ્રોક)ના કેસોમાં સામાન્ય રીતે શરીરનું તાપમાન વધે છે. ગરમીના વધારાનાં કારણે શરીરમાં લુ લાગવા (સન સ્ટ્રોક) થી બચવા યોગ્ય પગલાઓ ભરવા આવશ્કય છે. વાતાવરણનું તાપમાન ઉંચુ હોવાથી વધુ માત્રામાં પરસેવો થાય છે. તેના લીધે શરીરનું તાપમાન ઘટી શકતું નથી.

શરીર અને હાલ પગમાં અસહ્ય દુઃખાવો થવો, ખુબ તરસ લાગવી, ગભરામણ થવી, ચક્કર આવવા, શ્વાસ ચઢવો, હૃદયના ધબકારા વધી જવા સહિતની અસરો વ્યકિતને અનુભવાઈ છે. આરોગ્ય પર થતી આ વિપરીત અસરોથી બચવા યોગ્ય પગલાઓ લેવાના રહે છે.

નાયબ ખેતી નિયામક (વિસ્તરણ)નો અનુરોધ

કપાસના બિયારણની ખરીદી પહેલા અને વાવેતર અગાઉ સાવચેતીના પગલાઓ અનુસરવા

લાયસન્સ ધારક પાસેથી બિયારણ ખરીદવુ જરૂરી

અમરેલી, તા. ૨૦

હવામાન વિભાગની આગાહી મુજબ રાજયમાં ચોમાસાની ઋતુ આગામી તા.૧૯ જૂનથી શરૂ થાય તેમ છે. પિયતની સગવડ હોય તેમણે કપાસ પાકના આગોતરૂ વાવેતર કરવું જોઈએ અન્યથા પાકના ઉત્પાદન પર અસર થવાની શક્યતા રહે છે. અધિકૃત લાઈસન્સ–પરવાનો ધરાવતા હોયતેવા સહકારી મંડળીઓ, સરકારી સંસ્થાઓ અથવા ખાનગી વિક્રેતા પાસેથી જ બિયારણ ખરીદવાનોઆગ્રહ રાખવો. બિયારણની ખરીદી કરતી વેળાએ વેપારી પાસેથી તેનાલાયસન્સ નંબર, પૂરૂં નામ– સરનામું અને જે બિયારણ ખરીદ્યું હોય તેબિયારણનું નામ, લોટ નંબર, ઉત્પાદન અને મુદ્દત પૂરી થવાસહિતની વિગત દર્શાવતા, સહીસાથેનાબિલઅવશ્ય લેવું. છેતરપીંડીનોઅવકાશનરહેતે સાવચેતીનાભાગરૂપે કાળજી લેવાની રહે છે, જે અન્વયે લાઈસન્સ–પરવાનો ધરાવતા ન હોય તેવા વ્યકિઓ, પેઢીઓ કે ફેરિયાઓ પાસેથી બિયારણની ખરીદી કરવી જોઈએ નહિ. રાજયમાં કપાસ પાકના વાવેતર માટે જરૂરી બીટી કપાસના બિયારણનો અને જરૂરી રાસાયણિક ખાતરોનો જથ્થો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે. ખેડૂતોએકપાસની એક જ જાતનું વાવેતર ન કરતા બજારમાં ઉપલબ્ધ વિવિધ જાતોનું વાવેતર કરવું જેથી સંભવિત જોખમ નિવારી શકાય. જરૂરિયાત મુજબ જુદી–જુદી જાત અને વિવિધ ગ્રેડના બિયારણ અને ખાતરનીઆગોતરી ખરીદીકરવા નાયબ ખેતી નિયામક (વિસ્તરણ) એ અનુરોધ કર્યો છે. બિયારણના કાળા બજાર, અનઅધિકૃત બિયારણનું વેચાણ તથા રાસાયણિક ખાતરોની સાથે નેનોખાતરોસિવાયના અન્ય ખાતર ફરજિયાત આપવામાં આવતા હોવાની બાબત પ્રયાને આવે તો જિલ્લાની ખેતીવાડી કચેરીનો, કચેરી સમય (સવારે ૧૦.૩૦ થી સાંજે ૬.૧૦વાગ્યા) દરમિયાન અમરેલી જિલ્લા નાયબ ખેતી નિયામક (વિસ્તરણ), અમરેલી જિલ્લા ખેતી (વિસ્તરણ) કચેરી, ૩૦૧, બી–બ્લોક, બી–બ્લોક, બહુમાળી ભવન, જિલ્લા આયોજન કચેરી સામે, રાજમહેલ કમ્પાઉન્ડ, અમરેલી પિન નં. ૩૬૫૬૦૧ નો સંપર્ક કરવા નાયબ ખેતી નિયામક(વિસ્તરણ)એ એક યાદીમાં જણાવ્યું છે.

આમ આદમી પાર્ટીએ માંગ કરી

રાજૂલાનાં યુવાન દેશ સેવા કરતાં શહીદ થયેલ હોય એક કરોડની મદદ કરો

રાજયના મુખ્યમંત્રીને પત્ર પાઠવ્યો

રાજુલા તા. ૨૦

રાજુલા તાલુકાના એકમાં ભારતીના લાલ રવિરાજસિંહ ધાખડા ભારતીય સેનામાં ફરજ નિભાવતા નિભાવતા શહીદી વહોરેલ છે. ત્યારે રાજય સરકારની ફરજ છે, કે એમની શહદતનું ઋણ ચૂકવવામાં આવે. જેમ દિલ્હી અને પંજાબની આમ આદમી પાર્ટીની સરકાર શહીદોને સનમાન રાશિ પેટે ૧–૧ કરોડ રૂ. કે જે શહીદ જવાનના જીવન આગળ કોઈ અતિમુલ્યવાન ના ગણાય. આ રકમ તે શહીદ જવાનના પરિવારને સન્માન રાશિ રૂપે આપી એમની શાહદતનું ઋણ ચૂકવે છે. તો ગુજરાત સરકારે આ બાબતની પહેલ કરી યુવા અને દેશની રક્ષા કાજે જે પોતાનો જીવ માં ભારતી માટે ન્યોછાવર કરે છે.

તો તેમની કદર કરી તેઓને દેશ ભકિત માટે પ્રેરણા આપી સન્માન આપીએ તથા શહીદ પરિવારના કોઈ સદસ્યને પોતાના રહેણાંક વિસ્તારમાં જ ગુજરાત સરકારમાં કાયમી નોકરી આપવી જોઈએ. મુખ્યમંત્રી અને ગૃહમંત્રી આ બાબતે એક સકારાત્મક વલણ દાખવી ગુજરાતની જનતાને દેશની રક્ષા કાજે પ્રોત્સાહન મળી રહે અને મા ભારતીને રક્ષા કાજે ગુજરાતખ ભવિષ્યમાં અગ્રેસર રહેતેવી અમરેલી જિલ્લાના આમ આદમી પાર્ટીના પદાધિકારીઓ, કાર્યકર્તાઓ અને સમર્થકોની લાગણી અને માંગણી છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

૧૪ જેટલા પ્રશ્નોનુ નિરાકરણ થતુ નથી

બગસરામાં સફાઈ કામદારોએ પડતર માંગને લઈને ચીફ ઓફીસરને આવેદન પત્ર પાઠવ્યું

૫૦ વર્ષ પહેલાનાં મહેકમમાં સુધારો જરૂરી

તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા.૨૦

બગસરામાં સફાઈ કામદારો દ્વારા પાલિકા કચેરી ખાતે ૧ ચીફ ઓફિસરને આવેદન આપવામાં આવ્યુ હતું આ આવેદન પત્ર માં સફાઈ કામદારો ની ૧૪ જેટલી સમસ્યાઓ પર તત્કાલ અમલવારી કરવામાં આવે તેવી માંગ સાથે આવેદન આપવામાં આવેલ છે. બગસરામાં ૫૦ વર્ષ જૂનું સેટઅપ પ્રમાણે શહેરમાં વસ્તી વધતા નવા સફાઈ કામદારોની ભરતી કરવામાં આવે અને સફાઈ કામદારોની ભરતીની જાહેરાત અવાર–નવાર આવવા છતાં નવા કર્મચારીની ભરતી કરતા નથી ૧૫ થી ૨૦ વર્ષ વિતી ગયા છતાં યુનિફોર્મ આપવામાં આવેલ નથી સરકારશ્રીના પરિપત્ર મુજબ તારીખ ૧.૧૦.૨૦૨૩ થી ૨૧,૧૦૦ જેટલું વેતન ચૂકવવાનું હોય તે હજી સુધી ચૂકવાયેલું નથી તેનું વેરિયેશનને એરિયસ ઝડપથી આપવા પાંચથી સાત વર્ષ થયા દિવાળી બોનસ અપાયેલ નથી તે તત્કાલ આપવા વિનંતી સફાઈ કામદારોને સાવરણો તથા સલામતીના સાધન અપાતા નથી તે દર માસે આપવા સફાઈ કામદારોનું હાઈકોર્ટની ગાઈડલાઈન મુજબ ડબલ કામગીરી આપવાની મનાઈ હોવા છતાં ગાઈડ લાઈનનું પાલન ન કરી કામગીરી કરાવવામાં આવે છે તે બંધ કરવી રોજમદાર સફાઈ કામદારો તેમજ કાયમી કર્મચારી એક દિવસ રજા પાડે તો ત્રણ દિવસનો પગાર કાપવામાં આવે છે તે બંધ કરવો સફાઈ કામદારો જો કોય અન્ય કારણોસર રજા પાડવામાં આવે તો સુપરવાઈઝર દ્વારા કાલથી કામે ના આવતા જેવી ધમકી આપવામાં આવે છે તે બંધ કરવી અને આવા સૂપર વાઈઝર ઉપર તત્કાલ કાર્યવાહી કરવી જેવી અલગ અલગ માગણીઓ સાથે ચીફ ઓફિસર ભાવનાબેનને આવેદન આપવામાં આવેલ હતું ત્યારે ચીફ ઓફિસર દ્વારા આ તમામ માંગણીઓ અને આપના પ્રશ્નોનું તત્કાલ નિવારણ કરવામાં આવશે તેવા મીઠા જવાબ સાથે સફાઈ કામદારો એ આપેલ આવેદન સ્વીકારેલ હતું.

ચલાલા : ગાયત્રી શકિતપીઠ ખાતે લોકસાહિત્ય સેતુની નિયમિત બેઠક યોજાઈ

લોકસાહિત્ય સેતુની ૧૧૯મી નિયમિત બેઠક ચલાલા ગાયત્રી શક્તિપીઠના વંદનિય વડા ડો.રતીદાદાના અને સંસ્થાના ડાયરેકટર ભારત ભૂષણ મહેશભાઈ મહેતાના સ્નેહ સભર આમંત્રણથી ચલાલા મુકામે મૂર્ધન્ય કવિ રમેશ પારેખની પૂણ્યતિથિ નિમિત્તે 'રમેશ આવ્ય મળવા'નુ ભવ્યાતિભવ્ય આયોજન કરવામા આવ્યુ. આદરણીય સંત શિરોમણી ડો.રતિદાદાતથા ઉપસ્થિત મંચસ્થ મહાનુભાવો સર્વ અમરેલી જિ.સંઘના ચેરમેન આદરણીય જયંતિભાઈ પાનસુરીયા, આશિષભાઈ રાજકોટિયા (મદદનીશ યંત્રાલય અધિક્ષક અમરેલી ડેપો) અંબાજી રાઘવગિરીબાપુ ના વરદ હસ્તે દિપ પ્રાગટય થયુ. પ્રારંભ મા સંસ્થાના ડાયરેકટર મહેશભાઈ મહેતાએ પધારેલ સર્વ આદરણીય મહેમાનોનુ ઉમળકાભેર શાબ્દિક આવકાર આપ્યો સાથો સાથ ચલાલા ગાયત્રી શક્તિપીઠના ભવ્ય વિકાસ અને પ્રવૃત્તિઓની વિકાસ ગાથાની વિસ્તૃત છણાવટ કરી. કલાકાર કેવિનભાઈ રોકડ ગણેશ બેસાડી વાતાવરણ નિર્માણ કર્યુ મા બાપની વંદનાનુ સુંદર ગીત મીઠા ગળાથી રેખાબેન બોરીસાગરે રજુ કર્યુ. ઉર્વશીબેન બારોટ (ગોરમાને પાંચે,), ચંન્દ્રકાન્તભાઈ બારોટે (અમરેલી અમરેલી) સંજયભાઈ વાળોદરે (રમેશ રચિત બાલગીત કર્ણપ્રિય) રાગથી લોકસાહિત્યના પ્રસિદ્ધ કલાકાર દિલાવરભાઈ લલિયાએ માની મમતા વિશે વિસ્તૃત છણાવટ કરી સર્વ શ્રોતાઓને રડાવી દીધા, કટાર લેખક અને પારિજાત એવોર્ડ વિજેતા યોગેશભાઈ નટવરભાઈ ભટ્ટના સન્માનના પ્રતિભાવ રૂપે રમેશ ની વિસ્તૃત માહિતી આપી પુણ્યતિથિને શ્રેષ્ઠ શ્રદ્ધાંજલિ પાઠવી તો તેમના દીકરી અમીબેન ભટ્ટે રમેશ ઈરચિત સાવરીયા સંગીતના સથવારે રજૂ કરી શ્રદ્ધાંજલિ આપી સંસ્થાના ગાયત્રી સંસ્કાર કેન્દ્રના આચાર્ય શીતલબહેન મહેતાનું અનોખું આગવી રીતે લોકસાહિત્ય સેતુ દ્વારા સન્માન કરવામાં આવ્યું ડાયરેકટર ભારતભૂષણ મહેશભાઈ મહેતાનું તથા એસ.ટી. ડેપો અમરેલીના આસિસ્ટન્ટ સુપ્રિટેન્ડેન્ટ આશિષભાઈ રાજકોટિયાનું લોકસાહિત્ય સેતુ પ્રમુખ સહિત સમગ્ર ટીમના બધા સભ્યોએ સાથે મળી ભવ્યાતિભવ્ય સન્માન કર્યુ. આજના ભવ્ય શ્રદ્ધાંજલિ કાર્યક્રમની અંદર સર્વ જિલ્લા વિશ્વ હિંદુ પરિષદ પ્રમુખ ઈતેશભાઈ મહેતાએ, પ્રતાપભાઈ ગોવિંદભાઈ ગોંડલીયા, હસુભાઈ જોશી, મહેન્દ્રભાઈ શુકલ, દેવકુભાઈ વાળા, હેમલતાબેન જોષી, સગુણાબેન સુરાણી, શારદાબેન ગોંડલીયા, જયોત્સનાબેન શુકલ પૂજય મંજુલાબા મહેતા ડોકટર પ્રતાપભાઈ કાબરીયા સમેત વિશાળ સંખ્યામા ભાવકઓ સખત તાપમાન ગાયત્રી માતાના સાંનિધ્યમાં અસીમ કૃપાથી ઉપસ્થિત રહી રમેશ આવ્ય મળવા કાર્યક્રમમાં શ્રદ્ધાંજલિ આપી લોક સાહિત્ય સેતુના મહામંત્રી ગોરધનભાઈ સુરાણીએ પોતાની આગવી શૈલીમાં આભાર દર્શન કર્યું. અનિવાર્ય સંજોગો સંજોગોના કારણે ઉપસ્થિત ન રહી શકનાર પરમ સ્નેહી મોટાભાઈ સંવટ, નારણભાઈ ડોબરિયા તરફથી મળેલ શુભેચ્છા સંદેશનુ વાચન કર્યુ. અમેરિકા સ્થિત આદરણીય મનિષાબેન પંડયા તરફથી મળેલ સૌજન્યથી સન્માન કરવામા આવ્યુ. કાર્યક્રમ બપોરના તમામ સદસ્યો અને ભાવકઓને કેસર કેરીનો રસા સ્વાદ સમેત ભાવતા ૩ર જાતના ભોજન ગાયત્રી માતાના પ્રસાદી સ્વરૂપે પરમ પૂજય ડોકટર રતિદાદા ડાયરેકટર મહેશભાઈ ગાયત્રી સંસ્કાર વિદ્યાલયના આચાર્ય શીતલબેન મહેતા અને પરિવારે ભાવથી ભોજન કરાવ્યું.

NETRA CHIKITSA MULTI SPECIALITY HOSPITAL
આંખના પડદાના નિષ્ણાત સર્જન હવે... આપના અમરેલી માં
વધુ માહિતી માટે સંપર્ક કરો 99789 66629
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિ સ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી ૩૬૫૬૦૧
ગુજરાત. ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૨૦

નિયમોનો ઉલાળીયો કરીને બાંધકામ થતું હોવાનો આક્ષેપ

જાફરાબાદ : બાલાનીવાવથી કોળી કંથારીયાનો માર્ગ બનાવવામાં ગેરરીતિ

માર્ગ-મકાન વિભાગનાં ઉચ્ચ અધિકારીઓ સ્થળ પરીક્ષણ કરીને તટસ્થ તપાસ કરે તેવી માંગ

બંને ગામોનાં સરપંચની અનેક રજૂઆતો બાદ માર્ગ બનવાનું શરૂ તો થયું પણ નિયમ પ્રમાણે થાય તે જરૂરી

આઝાદીનાં ૭૭ વર્ષ બાદ સૌપ્રથમ વખત જ માર્ગ બનાવવામાં આવી રહ્યાનું વાહનચાલકોએ જણાવ્યું

માર્ગ બનાવનાર એજન્સીને રાજકીય ઓથ હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે



અમરેલી, તા. ૨૦

જાફરાબાદનાં બાલાનીવાવથી કોળી કંથારીયા વચ્ચેનો માર્ગ બનાવવામાં બાંધકામ એજન્સી ધ્વારા નિયમોનો ભંગ થતો હોવાની ચર્ચા વાહનચાલકોમાં થતી હોય માર્ગ–મકાન વિભાગનાં ઉચ્ચ અધિકારીઓ સ્થળ પરીક્ષણ કરીને માર્ગ નિયમ મુજબ બને છે કે નહી તેની તપાસ કરીને ખુલાશો કરવો જરૂરી બન્યો છે.

બાલાનીવાવ અને કોળી કંથારીયાનાં સરપંચોએ અનેક વખત રજૂઆત કર્યા બાદ આઝાદીનાં ૭૭ વર્ષ બાદ પ્રથમવાર માર્ગ બની રહ્યો જે નિયમ મુજબ થાય તેવું બંને ગામની જનતા અને વાહનચાલકો ઈચ્છી રહ્યા છે. બાંધકામ કરનાર એજન્સીને રાજકીય ઓથ હોવાનું પણ સૌ માની રહ્યાં છે. ત્યારે દૂધનું દૂધને પાણીનું પાણી થવું જરૂરી બન્યું છે.

માનવી અને સિંહ વચ્ચે અવારનવાર મુલાકાત

રાજુલા નજીક આવેલ પિપાવાવ પોર્ટની અંદર ફોરેસ્ટરને પાઠડા સિંહે પગમાં બચકુ ભર્યુ

ઈજાગ્રસ્ત વનકર્મીની સારવાર શરૂ



અમરેલી, તા. ૨૦

છેલ્લા કેટલાંક સમયથી સિંહ દર્શન અને સિંહોને કરાતી કનડગતના કારણે સિંહ દ્વારા વળતા હુમલા કરવાની ઘટનામાં વધારો જોવા મળ્યો છે. ત્યારે શેત્રુંજી ડિવિઝન નીચેના રાજુલાના પિપાવાવ પોર્ટની અંદર વન વિભાગના ફોરેસ્ટરને સિંહના રેસ્કયુ દરમિયાન એક પાઠડા સિંહે અચાનક પગમાં બચકું ભરી લીધું હતું. ગંભીર રીતે ઘવાયેલા વન કર્મીને સારવાર માટે રાજુલાની સરકારી હોસ્પિટલમાં ખસેડાયા હતા.

આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ રાજુલાના પિપાવાવ પોર્ટની અંદર આવેલ તળાવ પાસેના વિસ્તારમાં છેલ્લા ઘણાં સમયથી આઠથી નવ જેટલાં સિંહનું એક ટોળું વસવાટ કરી રહ્યું છે. ત્યારે રાજુલામાં ફોરેસ્ટર તરીકે ફરજ બજાવતા અમરૂભાઈ વાવડીયા નામના વનકર્મી ગઈકાલે પીપાવાવ પોર્ટની અંદર એક પાઠડો સિંહ સુતો હતો ત્યારે તેમનું રેસ્કયુ કરી સિંહને પકડવા જતા પાઠડા સિંહે વન કર્મી અમરૂભાઈ વાવડીયા પર અચાનક હુમલો કરી દઈ અને જમણા પગમાં બચકું ભરી લીધુ હતુ.

આ અંગે શેત્રુંજી ડિવિઝનના

અનુસંધાન પાના ૬ ઉપર

આંતરરાષ્ટ્રીય હિન્દુ પરીષદનાં અગ્રણી ડો. ગજેરાનું નિવેદન

અમરેલીમા ડ્રગ્ઝનાં દુષણને ડામવામાં નહી આવે તો ''ઉડતા અમરેલી'' બને તો નવાઈ નહી રહે

ડ્રગ્ઝનાં દુષણમાં આશાસ્પદ અનેક યુવાનો ચડી રહ્યા હોય મામલો અતિ ગંભીર



અમરેલી, તા. ૨૦

આંતરરાષ્ટીય હિન્દુ પરીષદનાં અગ્રણી અને અમરેલીનાં જાણીતા ડો. જી.જે. ગજેરાએ અમરેલી શહેરમાં ડ્રગ્ઝનાં વધતા દુષણ સામે ચિંતા વ્યકત કરી છે.

તેઓએ એક નિવેદનમાં જણાવેલ છે કે આવકાલ આપણે પેપરમાં વાંચીએ છીએ કે ગુજરાત તથા અન્ય રાજયમાંથી કરોડોમાં નશાચાલક પદાર્થ સરકારી તંત્ર દ્વારા પકડાય છે આમા અમરેલી પણ બાકાત નથી. અમરેલીમાં પણ જે લોકો આના વ્યસની હોય છે તેઓ ગમે ત્યાથી આવા નશીલન પદાર્થો મેળવી લે છે અને તેનુ સેવન કરે છે અને આ રીતે આપણું યુવાધન બધી રીતે બરબાદ થઈ જાય છે યુવાનોને પણ ખબર છે કે આવા પદાર્થોનું સેવન કરવાથી કેવી બરબાદી થાય છે. છતા પણ સહેલાઈથી મળતુ હોવાથી તેની ટેવ પડી જાય છે અને તેના વ્યસની થઈ જાય છે આમ તે લીધા વગર ચાલતુ જ નથી. ખરેખર આ માટે સમાજે અને ખાસ કરીને યુવા વર્ગના વડીલોએ આ બાબતે સાવચેતી રાખીને પોતાના પુત્ર–પુત્રીઓને આવા ડ્રગ્ઝને રવાડે ચડતા નથી ને તેનુ કાયમી ધ્યાન રાખવું જોઈએ.

થોડા સમય પહેલા આવા

અનુસંધાન પાના ૬ ઉપર

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

છેલ્લા ૨ મહિનાથી કૂવો ગળાતો હોવાથી

ધારીના ગીર વિસ્તારમાં આવેલ દુધાળા નજીક ગે.કા. રીતે બ્લાસ્ટીંગ થતાં નારાજગી

સ્ટેટ હાઈ–વેનાં પુલ નજીક બ્લાસ્ટીંગથી ચિંતા

અમરેલી, તા. ૨૦

ધારીનાં તુલસીશ્યામ માર્ગ ઉપર આવેલ દુધાળા ગામનાં સ્ટેટ હાઈ–વે ઉપરનાં પુલ નજીક નદીમાં બ્લાસ્ટીંગ કરીને ૨ મહિનાથી કુવો ગાળવાનું કાર્ય થતું હોય ગામજનોમાં નારાજગી ઉભી થઈ છે.

દુધાળા પંથકનો ઈકો સેન્સેટીવ ઝોનમાં સમાવેશ થતો હોય કુવા ગાળવા માટે વન વિભાગની મંજુરી લેવામાં આવી છે કે કેમ તેની તપાસ થવી જરૂરી બની છે.

Sheetal
માત્ર ₹20/-
ટેસ્ટ સાથે હેલ્થ
શીતલ
મસાલા છાશ

IFB
સ્માર્ટ બનો, સ્માર્ટ ખરીદો.
IFB ઈલેક્ટ્રોનીક્સ તથા હોમ એપ્લાયન્સીસ પ્રોડક્ટસની સંપૂર્ણ શ્રેણી મેળવો માત્ર એકજ સ્થળે...
સરળ માસીક હપ્તે વસાવો
0% વ્યાજદર
SERVICE SUPPORT | EXCHANGE OFFER | FREE INSTALLATION
EASY EMI AVAILABLE | BAJAJ FINSERV | HDB FINANCIAL SERVICES
અમરેલી જિલ્લાનો સૌથી વિશ્વસનીય અને પ્રતિષ્ઠિત શોરૂમ
રામ એન્ટરપ્રાઈઝ
હોટેલ અવધ પાસે, માર્કેટયાર્ડ રોડ, અમરેલી. ફોન : ૦૨૭૯૨-૨૨૩૭૪૨, મો. ૯૪૮૪૪ ૫૯૫૪૭

LG Life's Good.
Happiness Comes Home
EXCLUSIVE OFFERS
Fixed EMI 1999/-*
Up to 5%* Cash Back Max. up to 2000/-*
*T&C Apply
LG BEST SHOP
મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કારકેર સેન્ટર સામે, ચક્કરગઢ રોડ, અમરેલી
મો.99747 72377

*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)